જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૨૨ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.....................................................................................................

કામ નં.૨.:

વિષય.: કા.સ.ઠ.નં. ૪૨ /તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૩–૨૦૧૪ નો તા.:૧–૪–૨૦૧૩ થી તા.:૩૧–૩–૨૦૧૪ સુધીનો બાર માસીક હિસાબ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી રાજેશભાઈ દશરભાઈ રાઠોડ

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઈએ જણાવ્યુ કે, બાર માસીક હિસાબ જાહેર પ્રસિઘ્ધ કરવો જોઈએ.જેમા ઓડીટરની સહીનો સમાવેશ થવો જોઈએ.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, સદર અહેવાલમા એકાઉન્ટશ્રી અને ચીફ ઓફીસર તરીકે મારી સહી છે.

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૪૨ /તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાનો સને ૨૦૧૩–૨૦૧૪ નો તા.:૧–૪–૨૦૧૩ થી તા.:૩૧–૩–૨૦૧૪ સુધીનો બાર માસીક હિસાબ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૨૩ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૩.:

વિષય.:	કા.સ.ઠ.નં. ૪૩ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વહીવટી શાખામા ઈન્ટરનલ ઓડીટર તરીકે ફરજ બજાવતા કર્મચારીશ્રી અક્ષયભાઈ બી. દેસાઈની તા.:૨–૫–૨૦૧૪ની આવેલ અરજીમા જણાવ્યા પ્રમાણે તા.:૩૧–૦૭–૨૦૧૪થી ફરજમાંથી અંગત કારણોસર નોકરીમાંથી સ્વૈચ્છીક નિવૃત્તિની માંગણી કરેલ છે જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી અમરતભાઈ નીછાભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૪૩ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ નગરપાલિકામા ઈન્ટરનલ ઓડીટર તરીકે ફરજ બજાવતા શ્રી અક્ષયભાઈ બી. દેસાઈએ અંગત કારણોસર તેમની ફરજમાથી તા.:૩૧/૦૭/૨૦૧૪ના રોજની ફરજ બાદ સ્વૈચ્છીક નિવૃત્તિની માંગતી અરજી તા.:૨–૫–૨૦૧૪ના રોજ કરેલ છે .

શ્રી અક્ષયભાઈ બી. દેસાઈની નિમણુક નગરપાલિકામા તા.:૨૪–૨–૧૯૮૬થી થયેલ છે તે જોતા તેમના નોકરીનો સમયગાળો ૨૮ વર્ષ જેટલો થાય છે.નામદાર સરકારશ્રી ઘ્વારા અમલમા મુકેલ બી.સી.એસ.આર.ના પ્રકરણ–૧૦ના પેન્શન ૧૨.૦ સ્વૈચ્છીક નિવૃતી (૨૫ વર્ષની નોકરી પછી) ની નાણાં વિભાગના તા.:૮–૧૦–૧૯૭૦ ના સરકારી ઠરાવમા જણાવેલ શરતોને આધીન " સરકાર વખતો વખત ટેકનીકલ કર્મચારીઓ / અધિકારીઓ તરીકે જેમને પણ જાહેર કરેલ હોય તે સહીતના કોઈપણ કર્મચારી પોતે સ્વૈચ્છાએ ૨૫ વર્ષની પેન્શન પાત્ર નોકરી પુરી કર્યા પછી ગમે તે સમયે ત્રણ મહીનાની નોટીશ આપીને નિવૃત થઈ શકે છે."ની જોગવાઈ જોતા અરજદાર કર્મચારીએ ૨૫ વર્ષની પેન્શન પાત્ર નોકરી પુર્ણ કરેલ હોય અને સ્વૈચ્છીક રીતે નિવૃત્ત થઈ શકે તેમ હોય, તેઓની સ્વૈચ્છીક નિવૃત્તી બાદ તેમની નિયમોનુસાર નીકળતી ગ્રેજ્યુટી, રૂપાંતરીત પેન્શન, હકક રજાનો પગાર, વિગેરેની ચુકવવાપાત્ર થતી રકમની ગણતરી કરી ચુકવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૨૪ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

........................................................................................................

કામ નં.૪.:

વિષય.: કા.સ.ઠ.નં. ૪૪/ તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા વો.વ.ક.ઠ.નં.૨૯૯/તા.:૧૫–૨–૨૦૧૪ની ભલામણ મુજબ રાખોડીયા તળાવ, ઝહીર પાનવાલા પાસેથી દેરા ફળીયા, જળદેવી માતાના મંદીર સુધી પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવા અંગે મજુરી ખર્ચનો આવેલ એસ્ટીમેઈટ રૂા.:૧,૨૫,૮૦૦/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી પંકજભાઈ આહીર

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, માલ સામાનમા વધારો થતા આ કામમા ૧૦૦% જેટલો વધારો થયેલ હોવાનુ જણાયેલ છે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, ઈજનેરશ્રીના અભિપ્રાય મેળવી પોણા બે વર્ષ પહેલાના એસ્ટીમેઈટ હોય,જે રીવાઈઝડ એસ્ટીમેઈટ આવતા અને કામમા વધારો થતા એસ્ટીમેઈટની રકમ વધેલ છે.

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૪૪ / તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા વો.વ.ક.ઠ.નં.૨૯૯/તા.:૧૫–૨–૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર વિસ્તારમા દેરાફળીયા,રાખોડીયા તળાવ, ઝહીર પાનવાલા પાસેથી જળદેવી માતાના મંદીર સુધી પીવાના પાણીની ૩" તથા ૨" ડાયાની જી.આઈ.પાઈપ લાઈન નાંખવા અંગે જ.બો.ઠ.ન.૫૧/તા.:૩૧–૭–૨૦૧૨થી રૂા.:૨,૭૧,૮૭૫/– મંજુર થયેલ પરંતુ સદર કામ અંગે મંજુરત મળતા વર્ષ બદલાયેલ અને માલસામાનનો ભાવ વધતા જનરલ બોર્ડે મંજુર કરેલ ,મુળ એસ્ટીમેઈટ રૂા.: ૨,૭૧,૮૭૫/– વત્તા વધારાનો ખર્ચ રૂા.: ૨,૧૧,૬૮૨/– મળી કુલ રૂા.: ૪,૮૩,૫૫૭/– જ.બો.ઠ.નં.૧૪૯/તા.:૪–૧–૨૦૧૩થી મંજુર કરેલ છે.સદર મંજુર કરેલ ખર્ચમા માલસામાન ખરીદીનો ખર્ચ રૂા.: ૪,૮૩,૫૫૭/– થાય છે જેથી પાઈપલાઈન નાંખવાનો મજુરી ખર્ચ બાકી રહી જાય છે જેનો આવેલ એસ્ટીમેઈટ રૂા.:૧,૨૫,૮૦૦/–પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૨૫ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

......................................................................................................

કામ નં.૫.:

વિષય.: કા.સ.ઠ.નં. ૪૫ / તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા વો.વ.ક.ઠ.નં.૩૦૦/તા.:૧૫–૨–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કલેરી ફોકયુલેટરના બ્રીજ રીપેરનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.:૯૧,૧૨૫/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી પંકજભાઈ આહીર

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૪૫ / તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા વો.વ.ક.ઠ.નં.૩૦૦/તા.:૧૫–૨–૨૦૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ખાતે આવેલ જુના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટના કલેરી ફોકયુલેટરમા સેટલીંગ થતા સ્લજને સાફ કરવા માટે તેની ઉપર આવેલ બ્રીજ રીપેરીંગ કામ કરવા અંગે સથાનીક એન્જીનીયરીંગ કંપની એટલાસ એન્જીનીયરીંગ વર્કસને સ્થળ ઉપર રૂબરૂ બોલાવતા તેમને કલેરી ફોકયુલેટરના બ્રીજ રીપેરનુ રૂા.:૯૧,૧૨૫/– પુરાનુ નીચે જણાવ્યા મુજબનુ આવેલ એસ્ટીમેઈટ આવેલ છે.

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | રબર વ્હીલ ૨૫૪ એમ.એમ.બદલવાના | ૨–નંગ | ૧–નંગનારૂા.:૭૫૦૦/– | રૂા.:૧૫,૦૦૦/– |
| ૨ | ટેપર રોલર બેરીંગ ગીયરના બેરીંગ હાઉસીંગમા | ૪–નગ | ૧–નંગનારૂા.:૨૮૫૦/– | રૂા.:૧૧,૪૦૦/– |
| ૩ | ૩૨"લાંબી એમ.એસ.સાફટીંગ નળી | ૨–નંગ | ૧–નંગનારૂા.:૫૪૦૦/– | રૂા.:૧૦,૮૦૦/– |
| ૪ | ૩/૪ ડાયા સીલીંગ | ૪૫મીટર | ૧–મીટરનારૂા.:૪૨૫/– | રૂા.:૧૯,૧૨૫/– |
| ૫ | રેડઓકસાઈડ કલર લગાડવાના | ૨૦લીટર | ૧–લીટરનારૂા.:૪૦૦/– | રૂા.:૮,૦૦૦/– |
| ૬ | ટોટલ ફીટીંગ માટે એમ.એસ.બોલ્ટ | ૧૫કીલો | ૧–કીલોના રૂા.:૧૨૦/– | રૂા.:૧,૮૦૦/– |
| ૭ | લેબર ચાર્જ | –– | –– | રૂા.:૨૫,૦૦૦/– |
| | | | કુલ..... | રૂા.:૯૧,૧૨૫/– |

ઉપરોકત કલેરી ફોકયુલેટરના બ્રીજને રીપેર કરી ચાલુ કરવાનુ એસ્ટીમેઈટ રૂા.:૯૧,૧૨૫/–એટલાસ એન્જીનીયરીંગ વર્કર્સ,વલસાડે જણાવેલ છે જે એસ્ટીમેઈટ મંજુર કરી તેમની પાસે કામગીરી કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૨૬ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૬.:

વિષય.:  કા.સ.ઠ.નં. ૪૮ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ આરોગ્ય શાખા ધ્વારા અપાતા "નો ઓબ્જેકશન સર્ટીફીકેટની "ફી " નકકી કરવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી અમરતભાઈ નીછાભાઈ પટેલ

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, વહીવટી ખર્ચમા ઘટાડો કરો.અને આવકમા વધારો કરો.હાલમા સીવીક સેન્ટરમા આવક ઘટી ગઈ છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, કોમ્પ્યુટર પર રસીદો બને છે એટલે આવો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થાય એમ નથી.તેમ છતાં કર્મચારીઓને બદલીઓ કરવામા આવેલ છે.અને જવાબદાર વ્યકિત ધ્વારા આ કામગીરી કરવામા આવે અને જો કોઈ આવી ડાયરેક રસીદો બનતી હશે તેના પર ધ્યાન આપવામા આવશે.

ચીફ ઓફીસરશ્રીએ જણાવ્યુ કે, આ બાબતે જરૂરી પગલા લઈશુ.

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૪૮ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેર વિસ્તારમા આવેલ ખાદ્ય ચીજવસ્તુઓ જેવી કે વેજ / નોન વેજના રેસ્ટોરન્ટ, દુકાનો,હોટલો, વિગેરે માટે નગરપાલિકાના આરોગ્ય શાખામાથી "નો ઓબ્જેકશન સર્ટીફીકેટ" દર વર્ષે મેળવવા માટે અરજદારશ્રીઓ ધ્વારા અરજી કરવામા આવે છે.સદર એન.ઓ.સી.ની "ફી " પેટે હાલે આરોગ્ય શાખા ધ્વારા રૂા.:૧૦૦/–પુરા વસુલવામા આવે છે.જે ફી વર્ષ દરમ્યાન ફકત એકજ વખત ભરવાની થતી હોય ,હાલે જે ફીમા વધારો કરી રૂા.:૫૦૦/–પુરા લેવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૨૭ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૭.:

વિષય.: કા.સ.ઠ.નં. ૪૯ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦ના દંડીગ્યા વિસ્તાર ઓવર બ્રીજની નીચે આવેલ આદીવાસી વિસ્તારમા પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોય,સદર કામગીરી કરાવવા અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.:૮,૨૭,૮૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: ર્ડા. પુષ્પા રામજોર ઓઝા

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૪૯ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦ના દંડીગ્યા વિસ્તાર ઓવર બ્રીજની નીચે આવેલ આદીવાસી વિસ્તારમા પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોવાથી ,સદ કામગીરી કરાવવા માટેનુ એસ્ટીમેઈટ રૂા.:૮,૨૭,૮૦૦/–પુરાનુ આવેલ છે.જે અંગે કમીટીમા ચર્ચા–વિચારણા અંતે નકકી થયુ કે, સદર રસ્તાની લંબાઈ ઘણીજ હોય ,પેવર બ્લોકના રસ્તાને બદલે ડામરરોડ બનાવવાનુ એસ્ટીમેઈટ બનાવી કામગીરી કરાવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૨૮ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.......................................................................................

કામ નં.૮.:

વિષય.: કા.સ.ઠ.નં. ૫૬ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ "સી"ઝોન ટ્રીટમેન્ટ પ્લાન્ટથી વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચ રૂા.:૬,૩૭,૨૦૦/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૫૬ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ "સી"ઝોન ટ્રીટમેન્ટ પ્લાન્ટથી વરસાદી પાણીના નિકાલ માટેની પાઈપ લાઈન હાલે ૪૫૦એમ.એમ.ડાયાની છે જે નાનકવાડા ગામ તરફ જતા રસ્તા ઉપર આવેલ છે.આ પાઈપ લાઈન રોડની જે તરફ આવેલ છે તે જમીન સરકારની માલીકી છે.આ જમીનમા કંપાઉન્ડ વોલ બનાવવામા આવનાર છે તથા અંદાજે ૩ફુટથી ૭ફુટ જેટલુ માટીનુ પુરાણ કરવામા આવનાર છે તેથી હાલની હયાત ડ્રેનેજ પાઈપ લાઈન આ માટીના પુરાણમા દબાય જશે જેથી ભવિષ્યમા મેઈન્ટેનન્સનો પ્રશ્ન ઉપસ્થિત થવાની સંભાવના છે.આ કારણે નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત છે જેથી આવેલ કામનો અંદાજીત ખર્ચ રૂા.:૬,૩૭,૨૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૨૯ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૯.:

વિષય.: કા.સ.ઠ.નં. ૫૭ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ તા.:૯–૧૨–૨૦૧૧ના રોજ મોધાભાઈ હોલ સ્ટેડીયમરોડ, વલસાડ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરવામા આવેલ જેમા હેપ્પી ઝેરોક્ષ ડી.એન.શો.સે.પાસે કલર પ્રિન્ટ ,કલર બુક, સ્પાયરલ બાયડીગ,ફોટો કલર પ્રિન્ટ,લેમીનેશન વિગેરે કામ કરાવેલ જેનો આવેલ ખર્ચ રૂા.:૩૯,૭૩૫/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રીભરતભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૫૭ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ તા.:૯–૧૨–૨૦૧૧ના રોજ મોધાભાઈ હોલ સ્ટેડીયમરોડ, વલસાડ ખાતે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાનુ આયોજન કરવામા આવેલ જેમા હેપ્પી ઝેરોક્ષ ડી.એન.શો.સે.પાસે કલર પ્રિન્ટ ,કલર બુક, સ્પાયરલ બાયડીગ,ફોટો કલર પ્રિન્ટ,લેમીનેશન વિગેરે કામ કરાવેલ જેનો આવેલ ખર્ચ રૂા.:૩૯,૭૩૫/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૦ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૧૦.:

વિષય.: કા.સ.ઠ.નં. ૫૯ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, ધરમપુર ખાતે શાળા પ્રવેશોત્સવ નિમિત્તે તા.:૧૪–૬–૨૦૧૪ના રોજ પધારેલ હોય ,સદર કામે ધરમપુરરોડ સરકીટ હાઉસથી હનુમતમાળ સુધીના રસ્તા પર કુલ–૬(છ) સ્થળો પર ૮.૦૦ × ૧૫.૦૦ના માપમા (ડીસ્પેલ)તેમજ સરકીટ હાઉસ ખાતે વેલકમ ગેટ બનાવવાની કામગીરી ઠેકેદારશ્રી રામગીરી ડેકોરેટર્સ,વલસાડ પાસે કરાવેલ હોય, સદર કરાવેલ કામગીરી અંગેના રજુ થયેલ બીલનો ખર્ચ રૂા.:૩૮,૨૦૨/–પુરા મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, શાળા પ્રવેશોત્સવ અંગે લગાવવામા આવેલ બોર્ડો હદ બહાર હોય જેનો ખર્ચો નગરપાલિકા કેવી રીતે ભોગવે .

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, કલેકટર સાહેબના સંકલનમા રહી સરકારશ્રીના પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે લોકોના અવર જવર થાય અને જાણકારી મળે એટલા માટે હદ બહાર મુખ્ય પ્રવેશ ધ્વાર જેવા રસ્તાઓ પર સાઈડમા મુકવામા આવેલ છે.

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, પ્રવેશોત્સવ માટે બેનરના ખર્ચ માટે અમારો વિરોધ છે.

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૫૯ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ માનનીય મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, ધરમપુર ખાતે શાળા પ્રવેશોત્સવ નિમિત્તે તા.:૧૪–૬–૨૦૧૪ના રોજ પધારેલ હોય ,સદર કામે ધરમપુરરોડ સરકીટ હાઉસથી હનુમતમાળ સુધીના રસ્તા પર કુલ–૬(છ) સ્થળો પર ૮.૦૦ × ૧૫.૦૦ના માપમા (ડીસ્પેલ)તેમજ સરકીટ હાઉસ ખાતે વેલકમ ગેટ બનાવવાની કામગીરી ઠેકેદારશ્રી રામગીરી ડેકોરેટર્સ,વલસાડને સોપવામા આવેલ છે.સદર ઠેકેદારશ્રી ધ્વારા સોપવામા આવેલ કામગીરી પુર્ણ કરી તે અંગેનુ આવેલ બીલ અત્રેની કચેરીએ રજુ કરેલ છે.સદર રજુ કરેલ બીલનો ખર્ચ રૂા.:૩૮,૨૦૨/–પુરા મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૧ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.....................................................................................................

કામ નં.૧૧.:

વિષય.: કા.સ.ઠ.નં. ૬૩ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ માનનીય મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના અંતર્ગત ગુજરાત હાઉસીગ બોર્ડની મોજે ભાગડાવડાની જમીન પર બંધાનારા મકાનોની યોજનામા ઈન્ફાસ્ટ્રકચર ફેસીલીટી પુરી પાડવા બાબતે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, સદર વિસ્તારમા કેટલી બિલ્ડીગો અને કેટલા યુનીટો બનાવનાર છે જેની જાણ થયેલ નથી.હાલે નગરપાલિકાને પુરતી સગવડ નથી માટે આ કામ કરતા પહેલા વિચારવુ જોઈએ.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલે જણાવ્યુ કે, અત્યારે નગરપાલિકાના ૧.૨એમ.એલ.ડી.ની કેપેસીટીનો એસ.ટી.પી.ની પાણી સિચાઈ કરવાની કેપેસીટી છે જેથી બીજા ૬–એમ.એલ.ડી.વધારવામા આવે તો બહુમાળી મકાનોના કનેકશન આપી શકીએ એમ છીએ.

સભ્યશ્રી ધર્મિનભાઈ શાહે જણાવ્યુ કે, ઉપરોકત ફેસીલીટી આપવા માટે નવી જમીન સંપાદન કરવી પડે તેમજ તે અંગેનો તમામ ખર્ચ ગુજરાત હાઉસીગ બોર્ડે ભોગવવાનો રહેશે.

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૬૩ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ કાર્યપાલક ઈજનેરશ્રી ગુજરાત હાઉસીગ બોર્ડ કચેરી,સુરત તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રી આવાસ યોજના અંતર્ગત ગુજરાત હાઉસીગ બોર્ડની મોજે ભાગડાવડાની જમીન પર બંધાનારા બહુમાળી મકાનોની યોજનામા ઈન્ફાસ્ટ્રકચર ફેસીલીટી પુરી પાડવા માટેની અરજી અત્રેની કચેરીમા કરેલ છે.

મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત 96 SHOPS,1071 LIG-2, 714 MIG-1, 236 MIG-2, 531 HIG પ્રકારના ફલેટો મળી કુલ –૨૫૫૨–ફલેટોનુ આયોજન ગ્રાઉન્ડ ફલોર + ૧૪ માળના બહુમાળી મકાનોનુ આયોજન કરેલ છે.સદર યોજનાનુ સ્થળ વલસાડ નગરપાલિકાની હદને લાગુ આવેલ ભાગડાવડા ગ્રામ પંચાયત હદ વિસ્તારમા આવેલ છે.સદરપ્રોજેકટમા ઈન્ફાસટ્રકચર ફેસીલીટી જેવી કે પાણીની ફેસીલીટી, ડ્રેનેજ ફેસીલીટી, તેમજ ફાયર સેફટીને લગતી પ્રાથમીક જરૂરીયાતને લગતી ફેસીલીટી વલસાડ નગરપાલિકા પુરી પાડે તેવી માંગણી કરેલ છે.

વલસાડ નગરપાલિકાનુ હાલે પીવાના પાણીનુ જે ઈન્ફાસ્ટ્રકચર છે તેમા તીથલરોડ પર જે પ્રકારનુ ડેવલપમેન્ટ થયેલ છે અને હાલે થઈ રહયુ છે.તેમા આ પ્રકારના ૨૫૫૨ફલેટોના બાંધકામને પીવાના પાણીનો પુરવઠો પુરો પાડી શકાય એમ નથી.આ પ્રકારના આયોજનને પાણી પુરવઠો પુરો પાડવા માટે કલ્યાણ બાગ ટાંકી પરથી ભાગડાવડાના સદર પ્લોટ સુધી નવી અલાયદી લાઈન તથા કલ્યાણ બાગ પંપ હાઉસની પંપીગ કેપેસીટી વધારવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેમ છે.

ડ્રેનેજ ડીપાર્ટમેન્ટનો હાલમા 1.2 MLD ની કેપેસીટીનો STP ની પાણી ફીલ્ટર કરવાની કેપેસીટી છે જે હાલે પુરી થઈ ગઈ છે.જેથી STP ની કેપેસીટી 6.0 MLD જેટલી વધારવામા આવે તો જ આ બહુમાળી મકાનોના કનેકશન તેમા થઈ શકે એમ છે.તથા હાલમા જે STP છે તેની જગ્યા પર નવો 6.0 MLD કેપેસીટીનો પ્લાન્ટ બની શકે એમ ન હોય ,વાંકી નદીના કિનારે નવી જમીન સંપાદન કરવી પડે તથા ત્યાં નવો STP બનાવવામા આવે તોજ તેઓને ડ્રેનેજ કનેકશન આપી શકાય એમ છે.

ફાયર સેફટીને લગતી સુવિધાઓ વલસાડ નગરપાલિકાએ આપવાની રહેતી નથી.સદર બાંધકામમા સરકારશ્રીના નિયમોનુસાર ફાયર સેફટીની સુવિધા હાઉસીગ બોર્ડજ પ્રોવાઈડ કરવાની રહે છે.તથા આગ જેવા

આકસ્મિક પ્રસંગે નગરપાલિકા હદ બહારના વિસ્તારોમા ફાયરની સુવિધા આપે તે ધોરણે ફાયરની સુવિધા પુરી પાડવાની રહેશે.

ઉપરોકત હકીકતોથી વિદિત થતા પ્રાથમિક જરૂરીયાતને લગતી જવાબદારી હાઉસીંગ બોર્ડની ગણાશે.પીવાના પાણીની ફેસીલીટી,ડ્રેનેજ ફેસીલીટી,આપવા અંગે ડ્રેનેજ, વોટર વર્કસ લાઈન, નવી જમીન સંપાદન કરવી તેમજ તે અંગેનો તમામ ખર્ચ ગુજરાત હાઉસીંગ બોર્ડે ભોગવવાનો રહેશે.સદર કામની મંજુરી મેળવવા માટે ધોરણસરની દરખાસ્ત તૈયાર કરી નામદાર સરકારશ્રીમાથી મંજુરી મેળવ્યા બાદજ સદર કામ ફરીથી ધોરણસરની દરખાસ્ત નામદાર સરકારશ્રીમા સાદર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૨ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૧૨.:

વિષય.: કા.સ.ઠ.નં. ૬૫ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ લાયબ્રેરીમાથી પુસ્તકો ઘરે વાંચવા માટે લઈ જવા માટે સભ્ય તરીકે નોંધણી ફી રૂા.:૫૦/– વસુલ લેવામા આવે છે.જેમા રૂા.:૫૦/–નો વધારો કરી રૂા.:૧૦૦/–કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી સોહીલ અફઝલ કાદરી

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૬૫ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ લાયબ્રેરીમાથી પુસ્તકો ઘરે વાંચવા માટે લઈ જવા માટે સભ્ય તરીકે નોંધણી માટે કા.સ.ઠ.નં.૩૯/તા.:૧૨–૪–૨૦૦૧થી અત્યાર સુધી રૂા.:૫૦/– વસુલ લેવામા આવે છે.જેમા રૂા.:૫૦/–નો વધારો કરી રૂા.:૧૦૦/–કરવાની જરૂરીયાત હોય,જે ચર્ચા–વિચારણાના અંતે મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૩ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..............................................................................................

કામ નં.૧૩.:

વિષય.: કા.સ.ઠ.નં. ૬૬ / તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૧/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલના કામે કોમ્પ્યુટર નંગ–૨–,પ્રિન્ટર નંગ–૨–,તથા યુ.પી.એસ.નંગ–૨– ખરીદ કરવા માટેનો અંદાજીત ખર્ચ રૂા.: ૯૦,૦૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ધર્મેશ રણજીતભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૬૬ / તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૧/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલના ઓ.પી.ડી.વિભાગમા સારવાર લેવા માટે આવતા પેશન્ટોના નવા કેસ પેપર્સ આપવાના કામે તથા મ્યુનિ.મેડીકલ સ્ટોરના કામે નવા કોમ્પ્યુટર નંગ–૨–,પ્રિન્ટર નંગ–૨–,તથા યુ.પી.એસ.નંગ –૨–,ખરીદ કરવાની જરૂર છે.જે ખરીદ કરવા માટેનું અંદાજીત ખર્ચ રૂા.: ૯૦,૦૦૦/–પુરાનો આવેલ છે.ઉપરોકત આવેલ કામ કમીટીમા ચર્ચા –વિચારણાના અંતે નકકી થયુ કે, વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલના કામે હાલે કોમ્પ્યુટર નંગ– ૧, પ્રિન્ટર નંગ–૧ તથા યુ.પી.સી.નંગ–૧ ખરીદ કરી આપવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૪ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૧૪.:

વિષય.: કા.સ.ઠ.નં.૬૭/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૨/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ મ્યુનિ. હોસ્પીટલના સર્જીકલ વિભાગ માટે સ્ટાફ નર્શની નિમણુક કરવાની જરૂરીયાત હોય,૧૧–માસનો કોન્ટ્રાકટ પર ઉચ્ચક પગારથી લેવા માટેનુ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ધર્મેશ રણજીતભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૬૭/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૨/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલના મહેકમ પત્રકે મે.નિયામક સાહેબ,નગરપાલિકાઓ તરફથી સ્ટાફ નર્શની કુલ–૮(આઠ) જગ્યા મંજુર કરવામા આવેલ છે.જે પૈકી હાલે સ્ટાફ નર્શ–૩–ફરજ બજાવે છે.જયારે બાકી રહેતી પાંચ જગ્યાઓ વયમર્યાદાના કારણે નિવૃત થતા ખાલી પડેલ છે.વધુમા સ્ટાફ નર્શની સંખ્યા ઓછી હોવાના કારણે તેમની શીફ ગોઠવણમા, રજાઓ મંજુર કરવામા, તથા વીકલી ઓફ આપવાના કામમા ખુબજ મુશ્કેલી પડે છે.જેથી આ હકીકતને ધ્યાનમા લઈ ૧૧–માસના કોન્ટ્રાકટ પર ઉચ્ચક માસીક વેતનથી સ્ટાફ નર્શ સંખ્યા–૨(બે)ની નિમણુક કરવાની જરૂરીયાત હોય છે.

ઉપરોકત કામ બાબતે કમીટીમા ચર્ચા – વિચારણા કરવામા આવતા સ્ટાફ નર્શની સંખ્યા ઓછી હોવાના કારણે હોસ્પીટલમા વહીવટ કરવામા મુશ્કેલી પડતી હોય ,સ્ટાફ નર્શ સંખ્યા–૨–ની નામદાર સરકારશ્રીના પરિપત્ર નં.:એન.આર.એચ.એમ./એસ.પી.એમ.યુ./ઓપરેશન/મહેનતાણુ/સુધારા આદેશ /૨૦૦૯–૧૦/૫૦૦,તા.:૨૯–૩–૨૦૧૦મા દર્શાવ્યા મુજબ માસીક ઉચ્ચક વેતન રૂા.:૮,૫૦૦/–અંકે રૂપિયા આઠ હજાર પાંચ સો પુરાથી ૧૧–માસના કોન્ટ્રાકટ પર લેવાનુ તથા રૂા.:૧૦૦/–ના સ્ટાંપ પેપર પર જરૂરી કરારખત કરાવી લેવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર.

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૫ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૧૫.:

વિષય.: કા.સ.ઠ.નં.૬૮/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૩/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ મ્યુનિ. હોસ્પીટલના સર્જીકલ વિભાગની પાછળ આવેલ દિવાલ તુટી ગયેલ છે જેનુ મરામત કામ કરાવવાનુ આવેલ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ધર્મેશ રણજીતભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૬૮/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૩/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલના સર્જીકલ વિભાગની પાછળના ભાગે કંપાઉન્ડ વોલ બનાવવામા આવેલ છે.જે ગયા વર્ષે ભારે વરસાદના કારણે તુટી પડેલ છે.સદર કંપાઉન્ડ વોલ તુટી જવાના કારણે પશુઓ હોસ્પીટલની ખુલ્લી જમીનમા ભરાઈ જાય છે આ પરિસ્થિતિને દુર કરવાના કામે કંપાઉન્ડ વોલ મરામતનુ કામ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખા મારફત કરાવી લેવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૬ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૧૬.:

વિષય.: કા.સ.ઠ.નં.૬૯/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૫/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ મ્યુનિ. હોસ્પીટલમા આવેલ પેથોલોજી વિભાગની ફલોરની ટાઈલ્સ કાઢી નાંખવામા આવેલ છે તે ફરીથીબેસાડવાનુ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ધર્મેશ રણજીતભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૬૯/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૫/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલમા આવેલ પેથોલોજી વિભાગની ફલોરની ટાઈલ્સ બેસાડવામા આવેલ છે.સદર ટાઈલ્સ બેસી જવાના કારણે ખાડા પડી ગયા હોવાથી કાઢી નાંખવામા આવેલ છે તે ટાઈલ્સ ફરીથી બેસાડવાની જરૂરીયાત હોય,સદર આવેલ કામ નગરપાલિકાના જાહેર બાંધકામ શાખા મારફતે કરાવી લેવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૭ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૧૭.:

વિષય.: કા.સ.ઠ.નં.૭૦ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૬/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ મ્યુનિ. હોસ્પીટલના કામે નવી સ્ટીલની સીડી ખરીદ કરવાનુ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ધર્મેશ રણજીતભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૭૦/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૬/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલની બિલ્ડીંગની સીલીગ આશરે ૧૨ફુટ જેટલી ઉચાઈ ધરાવે છે.જેના કારણે કોઈપણ કામ સીલીગ પર કરવુ હોય તો તે કરી શકાતુ નથી.વધુમા હોસ્પીટલની દિવાલ પર કરવામા આવેલ વાયરીંગ કામ પણ ખુબજ ઉચાઈ પર કરવામા આવેલ છે.જેથી રીપેરીંગ કામ કરતી વખતે ખુબજ તકલીફ પડે છે.આ પરિસ્થિતિ દુર કરવા માટે નવી સ્ટીલની સીડી નંગ–એક ખરીદ કરવાની જરૂરીયાત હોય .ઉપરોકત કામે કમીટીમા જરૂરી ચર્ચા–વિચારણાના અંતે નવી સ્ટીલની સીડી નંગ–એક ખરીદ કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૮ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.....................................................................................................

કામ નં.૧૮.:

વિષય.: કા.સ.ઠ.નં.૭૧/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૭/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલને અદ્યતન બનાવવા માટે મળનારી દાનની રકમ એક લાખ પાઉન્ડનો વહીવટ કરવા માટે ટ્રસ્ટ બનાવવાનુ આવેલ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ધર્મેશ રણજીતભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૭૧/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા હો.ક.ઠ.નં.૭/તા.:૫–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા સંચાલીત મ્યુનિ.હોસ્પીટલને અદ્યતન બનાવવા માટે ડૉ.સી.બી.શાહ–લંડન તરફથી એક લાખ પાઉન્ડનુ દાન વીલ ધ્વારા જાહેર થયેલ છે.આ દાનમા મળનારી રકમનો વહીવટ કરવા માટે ડૉ.સી.બી.શાહ,વલસાડ મ્યુનિ. મેડીકલ ટ્રસ્ટ નામવાળુ ટ્રસ્ટી બોર્ડ બનાવવા માટેનો મૌખીક હુકમ મે.પ્રમુખ સાહેબે કરેલ છે.વધુમા સદર ટ્રસ્ટી બોર્ડમા ૫૦% નગરપાલિકાના તથા ૫૦% દાનવીરના સગાસબંધીઓનો સમાવેશ કરવાનો છે તે મુજબ વલસાડ નગરપાલિકા તરફથી ટ્રસ્ટી તરીકે ચીફ ઓફીસરશ્રી, ચેરમેનશ્રી હોસ્પીટલ કમીટી,તથા પ્રમુખશ્રી,વલસાડ નગરપાલિકા ના નામનો ઉલ્લેખ કરવાનો છે. જયારે બાકી રહેતા ટ્રસ્ટીઓના દાનવીરના સગાસબંધીઓના નામો મેળવી ટ્રસ્ટી બોર્ડ બનાવવા અંગે જરૂરી કાર્યવાહી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૩૯ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૧૯.:

વિષય.: કા.સ.ઠ.નં.૭૩/તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શાખામા મોટર ઓપરેટર તરીકે ફરજ બજાવતા કાયમી કર્મચારી શ્રી રાજુભાઈ એસ. પટેલની તા.:૨–૭–૨૦૧૪ની આવેલ અરજીમા જણાવ્યા પ્રમાણે તા.:૩૦–૯–૨૦૧૪થી ફરજમાથી નાદુરસ્ત તબીયતને કારણે નોકરીમાંથી સ્વૈચ્છીક નિવૃત્તિની માગણી કરેલ છે જે મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી પંકજભાઈ આહીર

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૭૩ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શાખામા કાયમી કર્મચારી તરીકે ફરજ બજાવતા શ્રી રાજુભાઈ એચ.પટેલ જેઓને તા.:૩૧/૦૭/૨૦૧૪ના રોજ નગરપાલિકાની સમગ્ર સભામા ઠરાવ્યા મુજબ ઈલેકટ્રીક મોટર ઓપરેટર તરીકે તા.:૨૧–૮–૧૯૯૦થી કાયમી કર્મચારી તરીકે નિમણુક કરવામા આવેલ તે મુજબ તેઓ આજ સુધી ફરજ બજાવતા આવેલ છે.સદર કર્મચારીની તા.:૨–૭–૨૦૧૪ના રોજની આવેલ અરજીમા જણાવ્યા મુજબ તેમને વર્ષ –૨૦૧૧મા હાર્ટએટેક આવેલ હોવાથી હાલે પણ તબીયત સારી ન રહેતા તેમજ નોકીર દરમ્યાન વાલ્વ ખોલવા તથા બંધ કરવા અંગેની સખત કામગીરી કરવાની રહેતી હોવાથી સદર કામગીરી કરવામા ખુબજ તકલીફ પડતી હોય .સદર બિમારી અંગે તેમના ડૉકટરશ્રીનો રીપોર્ટ આપેલ છે.જેથી સદર કર્મચારીએ તેમની નોકરીમાથી તા.:૩૦–૯–૨૦૧૪ના રોજથી સ્વૈચ્છીક નિવૃત્તી મેળવવાની માંગણી કરેલ છે.તેઓની જન્મ તા.:૧–૧૧–૧૯૫૯ છે.જેથી નિયમ મુજબ વયમર્યાદાને કારણે તા.:૩૦–૧૧–૨૦૧૭ના રોજ નિવૃત્ત થાય છે.પરંતુ નાદુરસ્ત તબીયતને લઈને તેઓએ તા.:૩૦–૯–૨૦૧૪ના રોજથી સ્વૈચ્છીક નિવૃત્તી મેળવવાની માંગણી કરેલ છે.

અરજદાર કર્મચારીશ્રી રાજુભાઈ એચ. પટેલની તા.:૨–૭–૨૦૧૪ની અરજી અને તા.: ૧–૭ –૨૦૧૪ના ડૉકટરશ્રીનો રીપોર્ટ ને ધ્યાને લઈ તેમની નાદુરસ્ત તબીયતના કારણે તેઓની સ્વૈચ્છીક નિવૃત્તી બાદ તેમની નિયમોનુસાર નીકળતી ગ્રેજયુટી, રૂપાંતરીત પેન્શન, હકક રજાનો પગાર, વિગેરેની ચુકવવાપાત્ર થતી રકમની ગણતરી કરી ચુકવવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૦ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.......................................................................................

કામ નં.૨૦.:

વિષય.: કા.સ.ઠ.નં. ૭૮/ તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ ટ્રેડ સેન્ટર મહાત્મા ગાંધી લાયબ્રેરી વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૪૧,૬૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, જાહેરનામુ સમયસર ન મળતા આ કામ બાકી રહેલ છે .રસ્તા અંગેની આ કામગીરી જાહેરનામુ પ્રસિધ્ધ કરી કામગીરી કરવામા આવશે.

સભ્યશ્રી અમરતભાઈ પટેલ ગયા.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,જુના સુરત,અને જુના વડોદરામા જે આયોજનો મુજબ કામ કરેલ છે જે ઓછા પૈસામા અને સર્વેના લીસ્ટ મુજબ ઓછા સમયગાળામા આ કામોનુ આયોજન કરવામા આવશે.જેમા વરસાદી પાણી, તેમજ ગટર કનેકશનો માટેનુ પણ આયોજન કરવામા આવશે.

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૭૮ / તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ ટ્રેડ સેન્ટર મહાત્મા ગાંધી લાયબ્રેરી વિસ્તારમા ડ્રેનેજ પાઈપલાઈન નાંખવામા આવેલ નથી.સદર વિસ્તારમા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૪૧,૬૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

વધુમા હવે પછી દરેક ડીપાર્ટમેન્ટમાથી આવતા ડ્રેનેજના ,રસ્તાના, વોટર વર્કસના વિગેરે કામોના એસ્ટીમેઈટ, વાર્ષીક ભાવ તેમજ એસ.ઓ.આર.ના ભાવ બેમાથી જે ઓછા ભાવ હોય તે ભાવે એસ્ટીમેઈટ બનાવડાવી,એસ્ટીમેઈટ સહીત તમામ ખર્ચ મંજુર કરવાનુ પણ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૧ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

........................................................................................................

કામ નં.૨૧.:

વિષય.: કા.સ.ઠ.નં. ૭૯/ તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૨/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ છીપવાડ માસ્તર રોડ હનુમાનજી મંદીર પાસેના વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૬૮,૬૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં. ૭૯/ તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૨/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ છીપવાડ માસ્તર રોડ હનુમાનજી મંદીર સામેના વિસ્તારમા ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામા આવેલ છે.ભારી વાહનોની અવર જવરના કારણે હયાત લાઈન બેસી જવાથી સદર વિસ્તારમા વપરાશી પાણીના નિકાલ થતો ન હોવાથી જાહેરમા ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૬૮,૬૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૨ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.......................................................................................................

કામ નં.૨૨.:

વિષય.: કા.સ.ઠ.નં.૮૦/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૩/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ મ્યુનિસિપલ કોલોની થી લોટસ હોસ્પીટલ સુધીના વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૨,૫૨,૪૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૮૦/ તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૩/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ મ્યુનિસિપલ કોલોની પાછળના ભાગથી મોચી સમાજની વાડીથી લોટસ હોસ્પીટલ રોડ સુધીના વિસ્તારમા ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામા આવેલ છે.સદર વિસતારના હયાત ડ્રેનેજ પાઈપ લાઈન તથા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા વલસાડ નગરપાલિકા તરફથી બનાવી નગરપાલિકાના કર્મચારીઓને માલીકી ધોરણે આપવામા આવેલ ડ્રેનેજ જોડાણની સુવિધા આપવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૨,૫૨,૪૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૩ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૨૩.:

વિષય.:  કા.સ.ઠ.નં.૮૧/તા.:૧૯/૦૭/૨૦૧૪તથા ડ્રે.ક.ઠ.નં.૪/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબદોડીયાટેકરા વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.:૩૫,૪૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન  શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૮૧/ તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૪/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ દોડીયા ટેકરા વિસ્તારમાના કેટલાક વિસ્તારોમા ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામા આવેલ નથી.સદર વિસ્તારમા ગંદા તથા વપરાશી પાણીના નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોક્ત પરિસ્થિતિ દુર કરવા વલસાડ નગરપાલિકા તરફથી શૌચાલય બનાવી આપવામા આવેલ છે.આ શૌચાલયોને ડ્રેનેજની સુવિધા આપવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.:૩૫,૪૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૪ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.....................................................................................................

કામ નં.૨૪.:

વિષય.: કા.સ.ઠ.નં.૮૨/તા.:૧૯/૦૭/૨૦૧૪તથા ડ્રે.ક.ઠ.નં.૫/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ દોડીયાટેકરા પમ્પીગ સ્ટેશન ખાતેનુ સ્ક્રીન ચેમ્બર બનાવવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૧,૬૭,૯૦૦/– પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૮૨/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૫/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ દોડીયા ટેકરા પમ્પીગ સ્ટેશન ખાતેનુ સ્ક્રીન ચેમ્બર ધસી પડી તુટી જવાથી ગંદા તથા વપરાશી પાણીના નિકાલ થતો ન હોવાથી ઓવરફલો થવાની શકયતા છે.તથા જાહેરમા ગંદુ પાણી ફેલાવવાની શકયતા હોવાથી ઉપરોક્ત પરિસ્થિતિ દુર કરવા નવુ સ્ક્રીન ચેમ્બર બનાવવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૧,૬૭,૯૦૦/– પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૫ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.............................................................................................................

કામ નં.૨૫.:

વિષય.: કા.સ.ઠ.નં.૮૫/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૮/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ ગુરૂકૃપા એપાર્ટમેન્ટ,જય અંબે સોસાયટીથી વજીયા માતા મંદીર સ્ટેન્ડ પોસ્ટ સુધીના વિસ્તારમા (બાકી રહેતી )નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.:૧,૫૮,૨૦૦/– પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૮૫/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૮/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ ગુરૂકૃપા એપાર્ટમેન્ટ,જય અંબે સોસાયટીથી વજીયા માતા મંદીર પાછળ સ્ટેન્ડ પોસ્ટ સુધીના વિસ્તારમા ડ્રેનેજ પાઈપ લાઈન છે.પરંતુ ડ્રેનેજ પાઈપ લાઈનનો ડાયામીટર નાનો પડતો હોવાથી સદર બાકી રહેલ વિસ્તારમા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.:૧,૫૮,૨૦૦/– પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૬ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૨૬.:

વિષય.: કા.સ.ઠ.નં.૮૬ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૯/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ જુના હરીજનવાસમા ( બાકી રહેતા ) વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૨,૨૪,૧૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૮૬ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૯/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ જુના હરીજનવાસના કેટલાક વિસ્તારોમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામા આવેલ છે.સદર બાકી રહેલ વિસ્તારમા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોક્ત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૨,૨૪,૧૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૭ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૨૭.:

વિષય.: કા.સ.ઠ.નં.૮૭/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૦/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વ્હાઈટ હાઉસ બેચર રોડ વિસ્તારમા નવી ક્રોસ કનેકશન પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૬૪,૪૦૦/– પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ

ટેકો આપનાર.: શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૮૭/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૦/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ વ્હાઈટ હાઉસ બેચર રોડ વિસ્તારમા ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામા આવેલ હતી જે હયાત પાઈપ લાઈન બસી ગયેલ હોવાથી વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ક્રોસ કનેકશન ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૬૪,૪૦૦/– પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૮ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.................................................................................................

કામ નં.૨૮.:

વિષય.: કા.સ.ઠ.નં.૮૮ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૧/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ કરનટીની ચાલ, મોટા તાઈવાડ પાછળના વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૮૦,૬૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૮૮ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૧/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ કરનટીની ચાલ, મોટા તાઈવાડ વિસ્તારમા ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામા આવેલ નથી.સદર વિસ્તારમા વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોક્ત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૮૦,૬૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૪૯ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૨૯.:

વિષય.: કા.સ.ઠ.નં.૮૯ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૨/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ જેલાભાઈના ઘરથી મોટા તાઈવાડ મેઈન ચેમ્બર સુધીના વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૩,૧૭,૧૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૮૯ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૨/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ જેલાભાઈના ઘરથી મોટા તાઈવાડ મેઈન ચેમ્બર સુધીના વિસ્તારમા હાલમા ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવામા આવેલ નથી.સદર વિસ્તારમા વપરાશી પાણીના નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપલાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૩,૧૭,૧૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૦ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૩૦.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૧/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૪/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ છીપવાડ વાવડી કિરણભાઈના ઘરની પાછળ વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૧,૨૮,૨૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૧ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૪/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ છીપવાડ વાવડી કિરણભાઈના ઘરની પાછળના વિસ્તારમા ડ્રેનેજ પાઈપ લાઈન ન હોવાથી સદર વિસ્તારમા વપરાશી પાણીની નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૧,૨૮,૨૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૧ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૩૧.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૨/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૫/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ પારડી કોચર ફળીયા વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૨,૨૭,૨૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૨/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૫/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ વલસાડ પારડી કોચર ફળીયા વિસ્તારમા હયાત પાઈપ લાઈન નાના ડાયાની હોવાથી વપરાશી પાણીનો તથા ડ્રેનેજના પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૨,૨૭,૨૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૨ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૩૨.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૩/તા.:૧૯/૦૭/૨૦૧૪તથાડ્રે.ક.ઠ.નં.૧૬/તા.:૪–૭–૨૦૧૪નીભલામણ મુજબ૭૫એચ.પી. તથા ૩૦ એચ.પી.સુએઝ સબમર્શીબલ પંપ ખરીદ કરવાનો અંદાજીત ખર્ચ રૂા.: ૧૯,૭૧,૮૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૩/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૬/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા તરીયાવાડ ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન ઉપર હાલમા કાર્યરત સુએઝ સબમર્સીબલ મોટર પંપ સેટ જુના હોવાથી તથા કેટલાક રીપેરીંગ કરી શકાય એમ ન હોવાથી નવા ૭૫એચ.પી.સુએઝ સબમર્શીબલ મોટર પંપ નંગ–એક પેનલ બોર્ડ સાથે અંદાજીત રૂા.:૯,૦૦,૬૦૦/–અને ૩૦ એચ.પી.સુએઝ સબમર્શીબલ પંપ નંગ–બે પેનલ બોર્ડ સાથે અંદાજીત રૂા.: ૧૦,૭૧,૨૦૦/–નો ખર્ચ ખરીદ કરવાની જરૂરીયાત છે.ઉપરોકત કામે કુલ અંદાજીત ખર્ચ રૂા.: ૧૯,૭૧,૮૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૩ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

............................................................................................................

કામ નં.૩૩.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૪/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૭/ તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબશહીદચોક થી ભરતભાઈ કાયસ્થના ઘર સુધીના વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૭,૦૭,૪૦૦/– પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૪/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૭/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેર હદ વિસ્તારમા આવેલ શહીદચોકથી આંધીયાવાડ વિસ્તારમા મોબાઈલ સર્વીસ પ્રોવાઈડર કંપની તરફથી અન્ડર ગ્રાઉન્ડ કેબલીગની કામગીરી કરતા ડ્રેનેજ પાઈપ લાઈન તુટી ગયેલ તથા કેબલના પાઈપ ડ્રેનેજ પાઈપ લાઈનમાથી અને ડ્રેનેજ મેનહોલમાથી પસાર કરવામા આવેલ હોવાથી ચોકઅપ થવાથી લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા આ ડેમેજ થયેલ ડ્રેનેજ પાઈપલાઈનની જગ્યાએ નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૭,૦૭,૪૦૦/– પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૪ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.............................................................................................

કામ નં.૩૪.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૫/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૮/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબશહીદચોક થી રમેશ બેકરી સુધીના વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા કામનોએસ્ટીમેઈટ રૂા.: ૫,૭૮,૨૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૫/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૮/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ શહીદચોક થી રમેશ બેકરી સુધીના વિસ્તારમા હયાત પાઈપ લાઈન નાના ડાયાની હોવાથી વપરાશી પાણીનો તથા ડ્રેનેજ પાઈપ લાઈનના પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૫,૭૮,૨૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૫ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૩૫.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૬/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૯/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ મદનવાડ વિસ્તારમા આવેલ ભૈયાની ચાલ ગણપતિ મંડપથી ગ્રાહક સુરક્ષા કોર્ટ મેઈન રોડ સુધીના વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૨,૨૪,૪૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૬/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૧૯/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ ભૈયાની ચાલ ગણપતિ મંડપથી ગ્રાહક સુરક્ષા કોર્ટ મેઈનરોડ સુધીના વિસ્તારમા હયાત ડ્રેનેજ પાઈપ લાઈન નાના ડાયામીટરની હોવાથી વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૨,૨૪,૪૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૬ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૩૬.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૭/તા.:૧૯/૦૭/૨૦૧૪તથાડ્રે.ક.ઠ.નં.૨૦/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ મણીનગર અનાવીલ વાડીની પાછળ વિસ્તારમા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૩૫,૧૦૦/–પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૭/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા ડ્રે.ક.ઠ.નં.૨૦/તા.:૪–૭–૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરમા આવેલ મણીનગર અનાવીલ વાડીની પાછળ તીથલરોડ વિસ્તારમા હયાત ડ્રેનેજ પાઈપ લાઈન નાના ડાયામીટરની હોવાથી વપરાશી પાણીનો નિકાલ થતો ન હોવાથી ગંદકી થાય છે.જેના કારણે લોકોની વારંવાર ફરીયાદ આવે છે.ઉપરોકત પરિસ્થિતિ દુર કરવા કોસ કનેકશન કરવા નવી ડ્રેનેજ પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત જણાતા આવેલ કામનો એસ્ટીમેઈટ રૂા.: ૩૫,૧૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૭ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.............................................................................................

કામ નં.૩૭.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૮ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા સે.ક.ઠ.નં. ૨૬/તા.:૭–૭–૨૦૧૪ની ભલામણ મુજબ ખાળકુવા સફાઈ માટે ૩૦૦૦લીટરવાળા ટેન્કરની ખરીદી કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ

ટેકો આપનાર.:શ્રી ધર્મેશભાઈ ડાંગ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૮ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા સે.ક.ઠ.નં. ૨૬/તા.:૭–૭–૨૦૧૪ની ભલામણ મુજબ આરોગ્ય શાખા ધ્વારા નગરપાલિકા વિસ્તારમા આવેલ ડ્રેનેજ કનેકશન સિવાયના જાહેર અને ખાનગી ખાળકુવા સફાઈની કામગીરી કરવામા આવે છે.આ કામગીરી માટે ખાતા પાસે હાલે એકજ ટેન્કર છે જે પણ સને ૨૦૦૯–૧૦મા ખરીદેલ છે.તે ટેન્કર કટાઈને ખવાઈ ગયેલ છે.વારંવાર રીપેરીગ / વેલ્ડીગ કરાવી કામ કરાવવુ પડે છે.જેને કારણે નાગરીકોની ફરીયાદોને સમય મર્યાદામા નિકાલ થતો નથી જુના ટેન્કર ધ્વારા વધુ સમય કામ લઈ શકાય તેમ ન હોઈ ૩૦૦૦લીટરની કેપેસીટીવાળુ નવુ ટેન્કર પંપ સહીતનુ ખરીદવાની જરૂરીયાત છે.આ નવા ટેન્કરની ખરીદી નિયમ મુજબની જરૂરી કાર્યવાહી કરી નગરપાલિકાને ચાલુ સાલે મળનાર સફાઈ વેરા ઉપકર ગ્રાન્ટની રકમમાથી ખરીદી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૮ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૩૮.:

વિષય.:

કા.સ.ઠ.નં.૧૦૦ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા સે.ક.ઠ.નં.૨૯/તા.:૭–૭–૨૦૧૪ની ભલામણ મુજબ ખાળકુવા સફાઈના દરો વધારવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ધર્મેશભાઈ ડાંગ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૦૦ /તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા સે.ક.ઠ.નં. ૨૯/તા.:૭–૭–૨૦૧૪ની ભલામણ મુજબ નગરપાલિકાના આરોગ્ય શાખા ધ્વારા જાહેર શૌચાલયો તથા ખાનગી શૌચાલયોના ખાળકુવા સફાઈની કામગીરી કરવામા આવે છે.ખાનગી ખાળકુવા સફાઈની કામગીરી માટે ચાર્જીસ વસુલ કરવામા આવે છે.જે ચાર્જીસ સને ૨૦૦૩ની સાલના છે જે ધણા જુના છે તે પછી ડીઝલના ભાવોમા વધારો થયેલ છે તેમજ મેઈન્ટેનન્સમા પણ વધારો થયેલ છે .આમ એકંદરે ખર્ચના પ્રમાણમા ચાર્જીસ ધણા ઓછા છે જે આપણી બાજુની બીજી પારડી નગરપાલિકામા ફેરા દીઠ રૂા.:૫૦૦/–કે તેની ઉપરના ચાર્જીસ વસુલવામા આવે છે.ઉપરોકત બાબતોને ઘ્યાને લેતા કમીટીમા ચર્ચા–વિચારણાને અંતે ખાળકુવા સફાઈની સાદી ગાડીના એક ફેરા દીઠ રૂા.:૫૦૦/–પુરા વસુલ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૫૯ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૩૯.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૦૧/તા.:૧૯/૦૭/૨૦૧૪ તથા સે.ક.ઠ.નં. ૩૦/તા.:૭–૭–૨૦૧૪ની ભલામણ મુજબ મટન મચ્છી મારકેટની / સ્ટોલ ભાડુ વધારવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી ધર્મેશભાઈ ડાંગ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૦૧/તા.:૧૯/૦૭/૨૦૧૪તથાસે.ક.ઠ.નં.૩૦/તા.:૭–૭–૨૦૧૪નીભલામણ મુજબ નગરપાલિકા ના વોર્ડ નં.૪ના શહીદચોક વિસ્તારમા નગરપાલિકાની માલીકીની મટન મચ્છી મારકેટ આવેલ છે.મટન મારકેટમા કુલ–૩૨ જેટલા સ્ટોલો આવેલ છે.જયારે મચ્છી મારકેટમા કુલ–૧૬૦ જેટલા સ્ટોલો આવેલ છે.

નગરપાલિકા તરફથી વર્ષોથી મટન મારકેટનુ સ્ટોલ ભાડુ માસીક રૂા.:૮/–તથા મચ્છી મારકેટના ઓટલા દીઠ ફી રોજના રૂા.:૧/–પ્રમાણે વસુલ લેવામા આવે છે.તે જોતા મટન મારકેટ સ્ટોલની ફીની વાર્ષીક આવક રૂા.:૨૯૦૦/–જેટલી તથા મચ્છી મારકેટના ઓટલા ફીની વાર્ષીક આવક રૂા.:૩૭,૦૦૦/–મળી કુલ વાર્ષીક આવક રૂા.:૩૯,૯૦૦/–જેટલી થાય છે.તેની સામે નગરપાલિકા તરફથી બન્ને મારકેટોમા લાઈટ, સફાઈ, પાણી,વિગેરે જરૂરીયાત મુજબની સેવાઓ આપવામા આવે છે.નગરપાલિકાને આવકની સામે ખર્ચ વધુ થાય છે.તેવા સંજોગોમા ભાડા વધારવા જરૂરી બનેલ છે.તે બાબતને લક્ષમા રાખી મટન મારકેટની સ્ટોલ ફી રૂા.:૮/–તે વધારીને રૂા.:૩૦૦/– તથા મચ્છી મારકેટના ઓટલા દીઠ ફી રોજના રૂા.:૧/–તે વધારીને રૂા.:૧૦/–પ્રમાણે કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૦ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૪૦.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૦૪ /તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૪ના ખડકી ભાગડા કુંભારવાડ વિસ્તારમા પીવાના પાણીની પાઈપ લાઈન નાંખવા અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૩,૩૭,૭૦૦/– પુરાનુ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ

ટેકો આપનાર.:શ્રી ઉજેશભાઈ પટેલ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૦૪ /તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૪ના ખડકી ભાગડા કુંભારવાડ વિસ્તારમા પીવાના પાણીનો પુરવઠો પુરતા પ્રેસરથી મળતો ન હોવા અંગેની વારંવાર રજુઆતો કરવામા આવે છે.જેથી સદર વિસ્તારમા પીવાના પાણીનો પુરવઠો પ્રેસરથી મળે તે માટે નાના પારસીવાડ બુસ્ટર પંપથી શહીદચોક તરફ જતી ૧૦"ની લાઈનમાથી ૧૦"ઈંચની વાલ્વ લાઈન મુકીને શહીદચોકના ગ્રાઉન્ડને લાગુ જગ્યામાથી પસાર કરીને કુંભારવાડ સુધી લંબાવવામા આવે તો પાણી પુરતા પ્રેસરથી મળી શકે એમ છે.જે લાઈન નાંખવા અંગેનુ એસ્ટીમેઈટ સને ૨૦૧૩–૧૪ના પાણી પુરવઠાના એસ.ઓ.આર.પ્રમાણે બનાવવામા આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૩,૩૭,૭૦૦/– પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૧ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.......................................................................................

કામ નં.૪૧.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૦૫ /તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોટર વર્કસ શાખાના ૬(છ) કામદારો અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના ચુકાદાની નોંધ લેવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી પંકજભાઈ આહીર

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૦૫ /તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ ગુજરાત પ્રદેશ મ્યુનિસિપલ કર્મચારી મહાસંઘ તથા અન્ય તરફથી નામદાર ગુજરાત હાઈકોર્ટમા એસ.સી.એ.નં.૭૭૨૭/૨૦૧૩ દાખલ કરવામા આવેલ હતી.સદર મેટરમા નામદાર હાઈકોર્ટ ધ્વારા તા.:૨૪–૧૦–૨૦૧૩ના રોજ ઓરલ ઓર્ડર આપવામા આવેલ હતો .સદર ઓરલ ઓર્ડરના અનુસંધાને વલસાડ નગરપાલિકા ધ્વારા નિયામકશ્રી નગરપાલિકાઓને દરખાસ્ત મોકલી આપવામા આવેલ .નિયામકશ્રી નગરપાલિકાઓના તા.:૧૧–૧૨–૨૦૧૩ના પત્રથી દરખાસ્ત નામંજુર કરવામા આવેલ હતી .એસ.સી. એ.નં.૨૩૮૩૪/૨૦૦૭,તા.:૫–૯–૨૦૦૮,તા.:૧૮–૯–૨૦૦૮અનેએસ.સી.એ.નં.૭૭૨૭/૨૦૧૩નાતા.:૨૪–૧૦ –૨૦૧૩ના ઓરલ ઓર્ડરને ધ્યાને લઈને શહેરી વિકાસ વિભાગ ધ્વારા સીંગલ ફાઈલ ઉપર નાણા વિભાગની તા.:૨–૪–૨૦૧૪ની નોંધથી મળેલી સંમતી અન્વયે તા.:૨–૪–૨૦૧૪ના હુકમથી નિયામક નગરપાલિકાના તા.: ૧૧–૧૨–૨૦૧૩થી દરખાસ્ત નામંજુર કરવામા આવેલ પત્ર પરત ખેચી વલસાડ નગરપાલિકાના વારીગૃહ શાખાના શ્રી કિરણભાઈ છીબુભાઈ પટેલ વિગેરે રોજમદાર કર્મચારીઓને નિયમીત કરવા અંગેનો હુકમ કરવામા આવેલ છે જે સરકારશ્રીના કાયદા વિભાગના તા.:૩૧–૩–૨૦૧૪થી સ્પે.સી.એ.નં.૨૩૮૩૪ /૨૦૦૭ ઈન.રેફ. (એમ.સી.વી.ડી.)નં.૨/૯૭ થી ૮/૯૭ વલસાડ નગરપાલિકા વિરુધ્ધ ગુજરાત સંયુકત કામદાર યુનીયન કેસમા નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.:૫–૯–૨૦૦૮,તા.:૧૮–૯–૨૦૦૮ના ચુકાદાઓ સામે એલ.પી.એ.દાખલ કરવાની મંજુરી મળેલ છે.સદરહુ એલ.પી.એ.ના આખરી ચુકાદો તમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે એ શરતે મંજુરી આપવામા આવેલ છે.

ઉપરોકત હકીકતોથી વિદિતથતા નિયામકશ્રી નગરપાલિકાઓ,ગુજરાત રાજય,ગાંધીનગરના પત્ર નં.: નપાની /લીગલ /વલસાડ ન.પા. /વશી –/૨૦૧૪/૩૦૧૯, તા.:૧૫–૪–૨૦૧૩ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા આપવામા આવેલ ચુકાદાની નોંધ લઈ અમલવારી કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૨ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

કામ નં.૪૨.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૧૧ /તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ બનાવવાનુ કામ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરની આગવી ઓળખ તરીકેના પ્રોજેકટ યુડીપી–૭૮ હેઠળ મંજુર થયેલ છે.સદરહુ ડીઝીટલ મ્યુઝીયમના બેચરરોડ મુખ્ય રસ્તાથી એન્ટ્રી વ્યવસ્થિત નથી જે અંગે વામા કોમ્યુનિકેશન તરફથી ડીઝાઈન રજુ કરવામા આવેલ છે તો આ આવેલ ડીઝાઈન સીલેકટ કરી કામગીરી કરાવવા અંગેનુ જરૂરી એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી કૈશીકભાઈ માકડીયા

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, મ્યુઝીયમની ડીઝાઈનમા સુધારો કરવાનો પ્રશ્ન કેમ ઉપસ્થિત થયેલ છે.?

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે,વામા કોમ્યુનીકેશન તેમજ કલેકટરશ્રી,વલસાડ જોડે ચર્ચા થયા મુજબ ડીઝીટલ મ્યુઝીયમના ડીઝાઈનમા એન્ટ્રન્સ બનાવવા સુધારો કર્યો.આપણે બેસ્ટ કામ કરવા માંગીએ છીએ.જેથી આ સુધારો કર્યો છે.

સભ્યશ્રી ઝાકીરભાઈ પઠાણે જણાવ્યુ કે, શરૂઆતમા સોનલબેન કારોબારી અધ્યક્ષ હતાં ત્યારથી ચોખ્ખો વહીવટ કરતાં આવેલ અને અત્યારે પણ નગરપાલિકાનો વહીવટ ખુબ પ્રમાણીકતાથી ચાલે છે જે બાબત આપણે સ્વીકારવીજ પડશે.

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, ડી.એન.શો.સે.મા રીપેર કામ થયુ છે છતાં પણ ઘણી જગ્યાએ લીકેજ થાય છે.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૧૧ /તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ મોરારજી દેસાઈ ડીઝીટલ મ્યુઝીયમ બનાવવાનુ કામ સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ શહેરની આગવી ઓળખ તરીકેના પ્રોજેકટ યુડીપી–૭૮ હેઠળ મંજુર થયેલ છે.સદરહુ ડીઝીટલ મ્યુઝીયમના બેચરરોડ મુખ્ય રસ્તાથી એન્ટ્રી વ્યવસ્થિત નથી જે અંગે વામા કોમ્યુનિકેશન તરફથી ઓપ્શન ૧ થી ૪ની ડીઝાઈન રજુ કરવામા આવેલ છે જે પૈકી ઓપ્શન –૪ મુજબની ડીઝાઈન

પ્રમાણે એન્ટરન્સ બનાવવા અંગેનુ ડીઝાઈનનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.:૮/–લાખ વત્તા ટેક્ષ સહીત મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૩ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.....................................................................................

કામ નં.૪૩.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૧૨ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ મ્યુનિસિપલ ઓફીસ બિલ્ડીંગ બહારની બાજુ ,રોડ સાઈડે ( દિવાલને લગતી )રીનોવેશન કામગીરી કરાવવા અંગેનુ જરૂરી એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.: શ્રી પ્રવિણભાઈ ભાનુશાલી

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૧૨ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ મ્યુનિસિપલ ઓફીસ બિલ્ડીંગ બહારની બાજુ ,રોડ સાઈડેની આવેલ છે.દિવાલની પડદી વિગેરે ખુબજ જર્જરીત અને બિસ્માર થઈ ગયેલ હોય, કેટલીય વખત ઉપરનો જર્જરીત ભાગ નીચે આવેલ દુકાનમા આવતા ગ્રાહકો તેમજ રસ્તા ઉપરથી જતા રાહદારીઓ ઉપર પડતા હોય,દુકાનોદારો પણ વારંવાર આ બાબતે ફરીયાદ કરતા આવેલ છે.સદર કામ કરાવવુ ખુબજ અગત્યનુ હોય, કામની અગત્યતા અને હકીકતો ધ્યાને લઈ મ્યુનિ.ઓફીસ બિલ્ડીંગની બહારની બાજુ રોડ સાઈડે ( દિવાલને લગતી ) રીનોવેશન કામગીરી એલ્યુમીનીયમ કમ્પોઝીટ પેનલ (એસીપી) નુ કરાવવાનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૬,૮૮,૯૨૮– પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

સભ્યશ્રી મનીષાબેન અજયભાઈ પટેલ ગયા.
સભ્યશ્રી ર્ડા.પુષ્પાબેન ઓઝા ગયા.

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૪ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.....................................................................................................

કામ નં.૪૪.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૧૪ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ એન.એસ.ડી.પી.યોજના બાબતે શ્રી પરેશભાઈ તપાસ અધિકારીશ્રીનો અહેવાલ મંગાવેલ જે વંચાણમા લેવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ

ટેકો આપનાર.:શ્રી રમેશભાઈ પટેલ (ડેની)

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે,અધિકારીશ્રીનો આવેલ અહેવાલ શુ જણાવે છે.અને આ બાબતે શુ પગલા લઈ શકાય.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, શ્રી પરેશભાઈ શાહના આવેલ અહેવાલમા જણાવ્યા મુજબ બન્ને ઈજનેરોને અંશતઃ જવાબદાર ઠેરવવામા આવે છે.

સભ્યશ્રી ધર્મિનભાઈ શાહે જણાવ્યુ કે, આ અહેવાલમા અંશતઃ શબ્દ અંગે જરૂરી સ્પષ્ટતા મંગાવીએ.

સભ્યશ્રી શશીભાઈ શેઠીયાએ જણાવ્યુ કે, આયોગ ઘ્વારા આવેલ કાગળો અને તેની વિગતો જાણવી જરૂરી છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, ઉપરોકત બાબતો ઘ્યાને લઈ સ્પષ્ટ રીપોર્ટ મંગાવ્યે.

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૧૪ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકાની તા.:૧૭–૧૧–૨૦૧૧ ના રોજ મળેલ સમગ્ર સભામા ઠરાવ નંબર.:૫૬ના આધારે નામદાર સરકારશ્રીની એન.એસ.ડી.પી.યોજનાની કામગીરીમા થયેલ ગેરરીતી બાબતની તપાસ એડવોકેટ શ્રી પરેશભાઈ શાહ ,અમદાવાદને સોપેલ હતી તેઓ ઘ્વારા તપાસ કાર્યવાહી પુર્ણ કરી તેમનો તપાસણી અહેવાલ નગરપાલિકાને સુપ્રત કરેલ છે.ઉપરોકત અહેવાલમા બન્ને ઈજનેરો (૧)શ્રી હિતેષભાઈ પી. પટેલ તથા (ર)શ્રી સચીન્દ્ર કે. કાપડીયા ને અશંતઃ જવાબદાર ઠેરાવવામા આવેલ છે.જે વંચાણમા લેતાં અશંતઃ જવાબદારી અંગે સ્પષ્ટતા તથા મુદ્દાવાર વિગતે સ્પષ્ટ રીપોર્ટ મંગાવવાનુ તથા રીપોર્ટ આવ્યા બાદ આગામી નિર્ણય અર્થે સામાન્ય સભામા રજુ કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૫ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

કામ નં.૪૫.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૧૩ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૯,ના અબ્રામા,સાંઈબાબા મંદીરથી સર્વોદય સુધી જયતીભાઈ કાપડીયાના ઘર સુધી પેવર બ્લોક સાઈડ સોલ્ડરીંગ કરવાનુ જરૂરી એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન  શાહ

ટેકો આપનાર.:શ્રી મહેબુબ ગુલશેરખાન પઠાણ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૧૩ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૯,ના અબ્રામા,સાંઈબાબા મંદીરથી સર્વોદય સુધી જયતીભાઈ કાપડીયાના ઘર સુધી પેવર બ્લોક સાઈડ સોલ્ડરીંગ કરવાની જરૂરીયાત હોય, જે અંગેના કામનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.:૮,૯૫,૮૦૯/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૬ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..................................................................................................

કામ નં.૪૬.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૦૬/તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ ફાયર શાખાના ફાયર ફાયટર રજી.નં.જીજે. ૧૫.જી.૦૪૬૨(મીનીફાયર)નુ પી.ટી.ઓ.પમ્પનુ રીપેરીંગ કામ કરાવવાનુ સાધન સામગ્રી અને મજુરી કામ સહીતનુ શ્રી આર.આર.એન્જીનીયરીંગ એન્ડ ફાયર સીસ્ટમ–નાની દમણનુ ભાવ પત્રક રૂા.:૩૪,૮૦૦/–પુરાનુ મંજુર કરવા બાબત.

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન  શાહ
ટેકો આપનાર.: શ્રી રમેશભાઈ પટેલ(ડેની)

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૦૬ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ ફાયર શાખાના ફાયર ફાયટર રજી.નં.જીજે. ૧૫.જી.૦૪૬૨(મીનીફાયર)નુ પી.ટી.ઓ.પમ્પનુ શ્રી આર.આર.એન્જીનીયરીંગ એન્ડ ફાયર સિસ્ટમ કુન્તારોડ,નાની દમણ ધ્વારા ગાડીના પમ્પનું ચકાસણી કરી અને પમ્પમા જરૂરીયાત મુજબ આવેલ ભાવપત્રકમા જણાવ્યા મુજબની જરૂરી સાધન સામગ્રી નાંખવા અને મજુરી કામ સહીતનુ શ્રી આર.આર.એન્જીનીયરીંગ એન્ડ ફાયર સીસ્ટમ–કુન્તારોડ નાની દમણનુ ભાવ પત્રક રૂા.:૩૪,૮૦૦/–પુરાનુ મંજુર કરી તેઓશ્રી પાસે તાત્કાલીક કામગીરી કરાવવાનુ તથા આવેલ બીલનુ ચુકવણુ કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૭ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.......................................................................................

કામ નં.૪૭.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૦૮ / તા.:૧૯/૦૭/૨૦૧૪ના રોજ મળેલ કારોબારી કમીટીની ભલામણ મુજબ IHSDP યોજના તથા MGY અને RAYયોજના અંતર્ગત સ્લમ વિસ્તારમા આવાસો બનાવવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી રમેશભાઈ પટેલ (ડેની)

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૦૮ / તા.:૧૯/૦૭/૨૦૧૪ના રોજ મળેલ કારોબારી કમીટીની ભલામણ મુજબ નામદાર કેન્દ્ર સરકાર તથા નામદાર રાજય સરકારશ્રીની સુચના મુજબ આખા દેશને ૨૦૨૨ સુધી સ્લમ મુકત બનાવવાનુ આયોજન હાથ ધરવામા આવનાર છે.આ અંતર્ગત વલસાડ નગરપાલિકાને પણ ૧૦૦દિવસમા એક પ્રોજેકટ મુખ્યમંત્રી ગૃહ યોજના અને રાજીવ આવાસ યોજના ( MGY અને RAY )અંતર્ગત આયોજન કરવાની મે.કલેકટર સાહેબ તરફથી આદેશ આપવામા આવેલ છે.

હાલમા વલસાડ નગરપાલિકામા આ સાથે સામેલ પત્રક મુજબના વિસ્તારમા સ્લમ આવેલ છે જે પૈકી કોઈપણ એક સ્લમ ઈન સીટુ પ્રકારના વિસ્તારમા બહુમાળી આયોજન કરી સ્લમ દુર કરી ત્યાંજ રહેતા રહેવાસીઓને પાકા મકાનનું બાંધકામ કરી આપવાના છે.આ યોજના મુજબ EWS પ્રકારના આવાસો જેમા 27.00 ચો.મી.થી 30.00 ચો.મી.(આશરે 290 ચો.ફુટથી 320 ચો.ફુટ) LIG પ્રકારના આવાસો જેમા 35.00 ચો.મી.થી 40.00 ચો.મી. ( આશરે375 ચો.ફુટથી 430 ચો.ફુટ) સુધીના બાંધકામ વિસ્તાર ( Built up Area ) વાળા મકાનોનું બાંધકામ કરવાનું હોય છે.

આ યોજના માટે સ્લમ નકકી કરી રાજય સરકારમા એફોડેબલ હાઉસીગ મિશનને જરૂરી ઠરાવ કરી જાણ કરવાની રહે છે.તથા રાજય સરકાર કક્ષાએ કન્સલ્ટન્ટની નિમણુક કરવાની કામગીરી હાથ ધરવામા આવશે.આ બાબત નિતિ વિષયક બાબત છે તથા સ્થાનીક રહેવાસીઓને પણ આ યોજનામા જોડાવવા માટે તેયાર કરી આ યોજનામા લાભો સમજાવવાના રહે છે.જેથી સ્થાનીક લોક પ્રતિનિધિઓનો સહકારની પણ ખુબજ આવશ્યકતા જરૂરી છે.

ઉપરોકત હકીકતોથી વિદિત થતા આ સાથેના પત્રકમા જણાવવામા આવેલ કયા સ્લમ વિસ્તારમા આ પ્રકારના પ્રોજેકટનુ આયોજન હાથ ધરવામા આવનાર છે.તે જાણકારી મળ્યેજ આ યોજના કામગીરી હાથ ધરી શકાય એમ છે.તથા આ અંગેનો જરૂરી ઠરાવ રાજય સરકારને પણ જાણ કરવાની છે.

ઉપરોકત સ્લમ પૈકી વલસાડમા આવેલ ધોબીતળાવ જેનો સીટી સર્વે નં. 2955 છે તે સ્લમ સૌથી મોટો છે.પરંતુ આ વિસ્તાર મંજુર Development Planમા ધોબીતળાવ તરીકે જ બોલે છે.આ ઉપરાંત વલસાડ પારડીમા આવેલ બરૂડીયાવાડ વિસ્તારમા આવેલ છે.આ વિસ્તારમા ભારે વરસાદની રૂતુ દરમ્યાન તથા નદીમા આવતા પુર દરમ્યાન ડબાણમા જતો હોવાથી આ યોજનામા બરૂડીયાવાડ વિસ્તારનો સમાવેશ કરવામા આવે તો પુર જેવી પરિસ્થિતિ દરમ્યાન આ વિસ્તારમા સમસ્યા ન થાય .આ જગ્યા ઉપર ભોયતળીયે પાર્કીગ તથા ત્રણ માળવાળા બહુમાળી મકાનોનુ આયોજન હાથ ધરી શકાય એમ હોવાનુ જણાય છે.બરૂડીયાવાડ વલસાડ પારડી વિસ્તારના સીટી સર્વે નંબર.: 316,317,318,320,321,322,323,324,325,326,327,328,329,330 તથા 339 છે.

વધુમા નામદાર સરકાર તરફથી આપવામા આવેલ સુચના મુજબ આ આયોજન Public private partnership (ppp) ધોરણે હાથ ધરવા માટે સુચના પણ આપવામા આવેલ છે.

ઉપરોકત હકીકતથી વિદિત થતા સદર કામ નિતિ વિષયક હોય, આગળની જરૂરી કાર્યવાહી કરવાની સત્તા પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી સમીતી તથા ચીફ ઓફીસરશ્રીને સોપવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૮ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.......................................................................................................

કામ નં.૪૮.:

વિષય.: કા.સ.ઠ.નં.૯૯ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ ચાલુ સાલે નગરપાલિકાને મળનાર સફાઈ વેરા ઉપકરની ગ્રાન્ટમાંથી ૧૬ ગેજના પતરામાથી બનાવેલ ૪ × ૪ × ૩ા ની સાઈઝવાળા લોખંડના ડસ્ટબીન નંગ–૨૦–ખરીદવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત......

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન  શાહ<br>
ટેકો આપનાર.: શ્રી ધર્મેશભાઈ ડાંગ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૯૯ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ નગરપાલિકા વિસ્તારમા કેટલીક જગ્યા એવી છે કે જયા મોટા કન્ટેનરો મુકી શકાય તેમ નથી તેવી જગ્યાએ નગરપાલિકાએ નાના –૧૬ ગેજના પતરામાથી બનાવેલ ૪ × ૪ × ૩ા ની સાઈઝવાળા લોખંડના ડસ્ટબીનો મુકેલ હતાં .આ ડસ્ટબીનો કટાઈને ખવાઈ ગયેલ છે.ત્યા નવા ડસ્ટબીનો મુકવાની તેમજ સભ્યશ્રીઓ તરફથી પણ આવા નવા સાધનો ખરીદવાની રજુઆતો આવેલ તે બાબત ધ્યાને લઈ નગરપાલિકાને ચાલુ સાલે મળનાર " સફાઈ વેરા ઉપકર ગ્રાન્ટની રકમમાથી ૧૬ ગેજના પતરામાથી બનાવેલ ૪ × ૪ × ૩ા ની સાઈઝવાળા લોખંડના ડસ્ટબીનો નંગ–૨૦–સે.ક.ઠ.ન.૨૭/તા.:૨૨–૫–૨૦૧૩થી મંજુર થયેલ નંગ–૧–ના રૂા.:૧૦,૯૦૦/–ના ભાવે શ્રી સાંઈ રાજ ટ્રેડર્સ, લીલાપોર પાસે નગરપાલિકાને ચાલુ સાલે મળનાર સફાઈ વેરા ઉપકર ગ્રાન્ટની રકમમાથી ખરીદવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૬૯ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................................

કામ નં.૪૯.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૦૭ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ સકારામ મંદીરથી બાબુભાઈ બંબાવાળાના ઘર સુધીના વિસ્તારોમા કા.ક.ઠ.નં.૯૦૫/૧૩–૧–૨૦૧૦ તેમજ જ.બો.ઠ.નં.૨૦૮/૨૨–૧–૨૦૧૦થી પેવર બ્લોક રસ્તા બનાવવા અંગેનુ વધારાના કામનુ એસ્ટીમેઈટ રૂા.:૭૩,૬૯૬/–પુરાનુ મંજુર કરવા બાબત..

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન શાહ
ટેકો આપનાર.:શ્રી રાજેશભાઈ દશરથભાઈ રાઠોડ

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૦૭ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ તથા કા.ક.ઠ.નં.૯૦૫/૧૩–૧–૨૦૧૦ તેમજ જ.બો.ઠ.નં.૨૦૮/૨૨–૧–૨૦૧૦થી ઠરાવ્યા મુજબ (૧) સકારામ મંદીરથી બાબુભાઈ બંબાવાળાના ઘર સુધી (૨) ઈશ્વરભાઈના રહેઠાણથી બીજી ગલી (૩) માતૃપ્રયાગ એપાર્ટમેન્ટ રોડને પેવર બ્લોકના રસ્તા બનાવવા અંગે રૂા.ફ૪,૬૬,૦૫૦/–નો અંદાજ દર્શાવેલ છે.સદરહુ કામ સ્થળ સ્થિતિ મુજબ કામગીરી કરવામા આવેલ છે.સદરહુ કામગીરી સંતોષકારક રીતે પુર્ણ કરવામા આવેલ છે.પરંતુ સદર કામે કોન્ટ્રાકટરના બીલ રૂા.:૭૩,૬૯૬/–ની વધારાની રકમનુ આવેલ બીલ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૦ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..............................................................................................

કામ નં.૫૦.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૦૯ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦,ના મીશન કોલોની ,સુથાર ચાલવાળો રસ્તો બિસ્માર હાલતમા હોય પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોય સદર કામગીરી કરાવવા અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૬,૭૨,૫૦૨/–પુરાનુ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન  શાહ
ટેકો આપનાર.:શ્રી ભરતભાઈ પટેલ (કાનો)

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૦૯ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦,ના મીશન કોલોની ,સુથાર ચાલવાળો રસ્તો બિસ્માર હાલતમા હોય તથા સદર વિસ્તારના રહીશોને અવર જવર માટે મુશ્કેલી પડતી હોય જેથી સદર રસ્તો બનાવવાની જરૂરીયાત હોય સદર કામગીરી કરાવવા અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૬,૭૨,૫૦૨/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૧ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

......................................................................................................

કામ નં.૫૧.:

વિષય.: કા.સ.ઠ.નં.૧૧૦ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦,ના હાલર મણીસદન વાળી ગલીમા પેવરબ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોય, સદર કામગીરી કરાવવા અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૩૬,૮૬૩/ પુરાનુ મંજુર કરવા બાબત...

દરખાસ્ત મુકનાર.: શ્રી ધર્મિન પદ્યુમન  શાહ
ટેકો આપનાર.:શ્રી ભરતભાઈ પટેલ (કાનો)

ઠરાવ.:

કા.સ.ઠ.નં.૧૧૦ / તા.:૧૯/૦૭/૨૦૧૪ની ભલામણ મુજબ વોર્ડ નં.૧૦,ના હાલર મણીસદન વાળી ગલીમા પેવર બ્લોકનો રસ્તો બનાવવાની જરૂરીયાત હોય સદર કામગીરી કરાવવા અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.: ૩૬,૮૬૩/– પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–સ.મ.મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૨ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

વ.કા.નં.:(૧)

વિષય.: સીધાવેરા શાખામા કોમ્પ્યુટર નંગ–૨(બે) એલસીડી મોનીટર સહીત ) તેમજ એચ.પી.૧૦૨૦–પ્રિન્ટરનંગ–૨ (બે) ખરીદ કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

–પ્રમુખશ્રી તરફથી રજુ.

ઠરાવ.:

કારોબારી કમીટી ઠરાવ નંબર.:૭૭/તા.:૧૯–૦૭–૨૦૧૪ની ભલામણ મુજબ ઈ.ચા.સીધાવેરા સુપ્રિ.શ્રી તથા ચીફ ઓફીસરશ્રીની રીમાર્કસ અન્વયેનો રીપોર્ટ વંચાણે લઈ ,સીધાવેરા શાખામા હાલે તમામ સેટ જુના તેમજ ખર્ચાળ પુરવાર થતા હોય અને હાલમા આઈસોલેટ વિસ્તાર પણ સમાવિષ્ટ થયેલ તેમજ દર વર્ષે મીલકતોની સંખ્યામા ઉત્તરોતર વધારો થતો હોય તેથી નવા કોમ્પ્યુટરો ખરીદી કરવાનુ અત્યંત અને જરૂરી હોય અને હાલમા જુન માસમા કરવેરા રીબેટ (વળતર) સ્કીમ અમલમા હોય નવા કોમ્પ્યુટરો નંગ–૨( એલસીડી મોનીટર સહીત ) અને પ્રિન્ટર નંગ–૨ ખરીદ કરવા માટે કા.ક.ઠ.નં.૨૭૧/તા.:૧૯–૭–૨૦૧૩ અને જ.બો.ઠ.નં.૧૯૨ / તા.:૩૦–૭–૨૦૧૩થી મંજુર થયા મુજબ હાલના જુના અને ખર્ચાળ કોમ્પ્યુટરને ડીસ્પોજલ કરી ( એલસીડી મોનીટર સહીત ) અદ્યતન ટેકનોલોજીવાળા કોમ્પ્યુટર નંગ–૨( એલસીડી મોનીટર સહીત ) અને પ્રિન્ટર નંગ–૨ ખરીદ કરવાની સત્વરે જરૂરીયાત હોય, સદર કામે સ્થાનીક બજારમાથી ભાવો મંગાવતા ત્રણ વેપારીઓના ભાવો આવેલ છે જેનુ તુલનાત્મક પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | વિગત. | રીયલ કોમ્પ્યુટર,વલસાડ. | આઈકોન ટેકનોલોજીસ વલસાડ. | ક્રિએટીવ કોમ્પ્યુટર્સ વલસાડ. |
|---|---|---|---|---|
| ૧ | ડેલ ડેસ્કટોપ PC 4GB RAM-500GB HDD -18.5 LED | રૂા.:૩૮૨૦૦/– | રૂા.:૩૬૫૦૦/– | રૂા.:૩૭૯૦૦/– |
| | HP-1020 PRINTER | રૂા.:૭૪૨૦/– | રૂા.:૬૯૫૦/– | રૂા.:૭૨૫૦/– |
| | કુલ.... | રૂા.:૪૫,૬૨૦/– | રૂા.:૪૩,૪૫૦/– | રૂા.:૪૫,૧૫૦/– |

ઉપરોકત આવેલ ત્રણ વેપારીઓના ભાવોનુ તુલનાત્મક પત્રક જોતા એકંદરે આઈકોન ટેકનોલોજીસ,વલસાડના ભાવો ડેલ ડેસ્કટોપ PC નગ–૧ અને HP-1020 PRINTER નંગ–૧ ના ભાવો રૂા.:૪૩,૪૫૦/–પુરાના આવેલ છે જે ભાવો સૌથી ઓછા આવેલ છે.જે ભાવે સીધાવેરા શાખામા કોમ્પ્યુટર નંગ–ર(બે) (એલસીડી મોનીટર સહીત ) તેમજ એચ.પી.૧૦ર૦–પ્રિન્ટર નંગ–ર(બે) આઈકોન ટેકનોલોજીસ, વલસાડ પાસેથી ખરીદ કરવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૩ /તા.:૩૦–૦૭–ર૦૧૪.

.......................................................................................................

વ.કા.નં.:(ર)

વિષય.: ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર.: ૭/ તા.:૪–૭–ર૦૧૪ની ભલામણ મુજબ વલસાડ શહેરના વિસ્તારમા નવી ડ્રેનેજ લાઈનની સર્વે કરવા બાબતનુ આવેલ કામ મંજુર કરવા અંગે જરૂરી નિર્ણય થવા બાબત...

–પ્રમુખશ્રી તરફથી રજુ.

ઠરાવ.:

ડ્રેનેજ કમીટી ઠરાવ નંબર.: ૭/ તા.:૪–૭–ર૦૧૪ની ભલામણ મુજબ વલસાડ નગરપાલિકા હદ વિસ્તારમા હાલમા આવેલ ડ્રેનેજ પાઈપ લાઈન સને ૧૯૮૦મા ગુજરાત પાણી પુરવઠા તથા ગટર વ્યવસ્થા બોર્ડ તરફથી જે તે સમયે નાંખવામા આવેલ.આ ડ્રેનેજ પાઈપ લાઈનો આશરે ૩૦થી ૩પવર્ષ જુની છે.હાલમા વલસાડ શહેરનો વિકાસ થતા તથા વસ્તીમા વધારો થતા હાલમા જે ડ્રેનેજ પાઈપ લાઈનો છે તે નાની પડતી હોવાથી તેમા પીકઅવર્સમા ભારણ ખુબજ વધી જતુ હોવાથી ડ્રેનેજનુ ગંદુ પાણી જાહેર રસ્તા ઉપર ઉભરાવા માંડે છે .તથા આવતા જતા લોકો પર વાહન વ્યવહાર પસાર થતા રાહદારીઓ ઉપર છાંટા ઉડે છે અને રોગચાળો ફેલાવવાનો ભય રહે છે.

આ કારણે સમગ્ર વલસાડ શહેરી વિસ્તારમા હયાત પમ્પીંગ સ્ટેશનોનો ઉપયોગ થઈ શકે તે રીતે સમગ્ર શહેરમા સર્વે કરાવવામા આવે તથા સમગ્ર શહેરના હયાત રસ્તાઓ ઉપર લેવલ લઈ જરૂરીયાત મુજબના ડાયામીટરની ડ્રેનેજ પાઈપ લાઈનની કામગીરી માટે નવો પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવામા આવે.તદઉપરાંત આ ડ્રેનેજ પ્રોજેકટમા ભવિષ્યમા થનાર શહેરનો વિકાસ તથા શહેરની હદને લાગુ આવેલ શહેરી કે ગ્રામ્ય વિસ્તારને પણ સુવિધા આપી શકાય તે રીતનું આયોજન કરી નામદાર સરકારશ્રીમા પ્રોજેકટ બનાવી મંજુરત મેળવવા સહીતની કામગીરી કરાવવા માટે સક્ષમ કન્સલ્ટન્ટની નિમણુક કરવાની મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૪ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.............................................................................................................

વ.કા.નં.:(૩)

વિષય.: આઈએચએસડીપી યોજના માટે જમીનની માંગણી થવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

નામદાર કેન્દ્ર સરકાર, નામદાર રાજય સરકાર, સ્થાનીક સંસ્થા તથા લાભાર્થીના ફાળાથી વલસાડ નગરપાલિકા વિસ્તારમા આઈએચએસડીપી યોજનાના આવાસો બનાવવાની કામગીરી હાલમા પ્રગતિમા છે.આ યોજનામા કુલ–૯૨૬ આવાસો બનાવવાનુ કામ મંજુર કરવામા આવેલ તથા હાલમા આ યોજનામા બાકી રહેતા આવાસો બનાવવાના કામે જમીનની માંગણી કરવામા આવેલ.

આ યોજનામા મોગરાવાડી વિસ્તારમા જલારામનગરી, દશછાપરી,તથા વલસાડમા હળપતિ વાસનો સમાવેશ કરવામા આવેલ તથા અબ્રામા વિસ્તારમા નવીનગરી અને હરીનગરીનો સમાવેશ કરવામા આવેલ.જયારે યોજનાની કામગીરી ચાલુ કરવામા આવી ત્યારે નવીનગરી અને હરીનગરીના રહીશોએ આ યોજનામા જોડાવવાની ના પાડતા ત્યા આ યોજનાના આવાસો બનાવી શકાય એમ નથી. જેથી હાલમા ફકત જલારામનગરી તથા દશછાપરી મળી કુલ–૭૭આવાસોની જ કામગીરી કરી શકાયેલ છે.બાકી રહેતા આવાસો માટે વલસાડ નગરપાલિકાની હદ વિસ્તારમા જમીનની ઉપલબ્ધતા ન હોવાથી મે.કલેકટર સાહેબ,વલસાડને અત્રેથી ખાલી સરકારી જમીન માટે દરખાસ્ત મોકલવામા આવેલ જેના અનુસંધાનમા મે.કલેકટર સાહેબ,વલસાડ તરફથી તેઓની કચેરીના પત્ર ક્રમાંક.: સીબી / એલએનડી / આઈએચએસડીપી / અબ્રામા / વશી–પ૭ / ૨૦૧૪, તા.:૦૯–૦૭–૨૦૧૪થી વલસાડ નગરપાલિકાને રે.સ.નં.૧૪૨/ પૈ.૨.વાળી આશરે ૩૦૦૦ચો.મી.જમીનની ફાળવણી કરવામા આવેલ છે.

આ ખુલ્લી જમીનની માપણી કરાવવાની કામગીરી બાકી છે જે ટુક સમયમા કરવામા આવનાર છે.આ જમીનમા આશરે ૧૬૦આવાસો બનાવવાની શકયતા જણાય છે.આથી આ યોજના પૈકી બાકી રહેતા આવાસો બનાવવા માટે જમીન ઉપલબ્ધ ન હોય મે.કલેકટર સાહેબ પાસે જે જમીનની ફાળવણી વલસાડ નગરપાલિકાને કરવામા આવેલ છે તે જમીનની બાજુમા જ આવેલ નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,ગુજરાત પાણી પુરવઠા તથા ગટર વ્યવસ્થા બોર્ડને અગાઉ ફાળવવામા આવેલ રે.સ.નં.૧૪૨/અ/૧/પૈ.૨.વાળી આશરે ૪૦૦૦ચો.મી.જેટલી જમીનની માંગણી કરવામા આવે તો આ

યોજનામા બનાવવાના બાકી રહેતા આવાસો પૈકી કેટલાક ગ્રાઉન્ડ ફ્લોર + ત્રણ માળવાળા આવાસો ત્યા બનાવી શકાય એમ હોવાનુ જણાય છે.જે માટે મે.કલેકટરશ્રી,વલસાડને દરખાસ્ત કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૫ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

વ.કા.નં.:(૪)

વિષય.: આઈએચએસડીપી યોજના માટે ફાળવેલ જમીનમા પ્રોટેકશન વોલ તથા માટી પુરાણ બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વલસાડ નગરપાલિકા તરફથી આઈએચએસડીપી યોજનાના આવાસ બનાવવાના કામે મે.કલેકટર સાહેબ, પાસે જમીન માંગવામા આવેલ જે જમીનની ફાળવણી માટે મે.કલેકટર સાહેબ,વલસાડ અત્રેથી ખાલી સરકારી જમીન માટે દરખાસ્ત મોકલવામા આવેલ જેના અનુસંધાનમા મે.કલેકટર સાહેબ,વલસાડ તરફથી તેઓની કચેરીના પત્ર ક્રમાંક.: સીબી / એલએનડી / આઈએચએસડીપી / અબ્રામા / વશી–૫૭ / ૨૦૧૪, તા.:૦૯–૦૭–૨૦૧૪થી વલસાડ નગરપાલિકાને રે.સ.નં.૧૪૨/પૈ.ર.વાળી આશરે ૩૦૦૦ચો.મી.જમીનની ફાળવણી કરવામા આવેલ છે.

મે.કલેકટર સાહેબ તરફથી ફાળવવામા આવેલ જમીન પડતર છે.તથા હાલના બાજુમાથી પસાર થતા રસ્તાથી આશરે ૨.૦૦(બે)મી.થી ૩.૦૦(ત્રણ)મી.જેટલી નીચી છે.જેનુ માટી પુરાણ કરવાનુ ખુબજ આવશ્યક છે તથા આ જમીનની બાજુમાથી વરસાદી પાણીનો કાસ પસાર થાય છે.જેથી પ્રોટેકશન વોલ બનાવવી પણ ખુબજ આવશ્યક હોવાનુ જણાય છે.જેથી આ બન્ને કામો માટે નામદાર રાજય સરકાર તરફથી વલસાડ નગરપાલિકાને ફંડ (ભંડોળ)ની જરૂરીયાત રહેશે જે જીયુડીએમ. કચેરી,ગાંધીનગરથી મેળવવા માટે આગળની કાર્યવાહી કરવાનુ ઠરાવવામાં આવે છે.

–મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૬ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

વ.કા.નં.:(૫)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૪૩/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે છીપવાડ, હનુમાનજીમંદીરની સામેની ગલીમા ૧૦૦એમ.એમ.ડાયાની ગલ્વે.૧૬૨ મીટર લંબાઈની પાણીની લાઈન નાંખવા અંગેનો એસ્ટીમેઈટ રૂા.:૨,૬૩,૪૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

–પ્રમુખશ્રી તરફથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૪૩/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે છીપવાડ, હનુમાનજીમંદીરની સામે આવેલ ભીખુકાકાના ઘર પાસે રામકૃપા એપાર્ટમેન્ટ વિસ્તારને આવરી લેતા વોર્ડ નં.૨–ના સભ્યશ્રીઓની રજુઆત અન્વયે સદર વિસ્તારમા પાણીની લાઈન ખુબજ જુની હોય વારંવાર લીકેજ થતી રહેતી હોવાથી સદર સમસ્યાનુ નિવારણ કરવા ૧૦૦એમ.એમ.ડાયાની ગલ્વે.૧૬૨ મીટર લંબાઈની પાણીની લાઈન નાંખવાની જરૂર હોય જે અંગે પાઈપ તથા જરૂરી ફીટીંગ્સ વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૧,૮૮,૩૦૨/–તથા સદર પાઈપ લાઈન નાંખવા અંગેનો મજુરી ખર્ચ રૂા.:૭૫,૪૦૦/–એમ કુલ ખર્ચ એસ્ટીમેઈટ રૂા.:૨,૬૩,૪૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૭ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.............................................................................................................

વ.કા.નં.:(૬)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૪૪/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે મુલ્લાવાડીમા અંબામાતાના મંદીરથી મુકેશભાઈના ઘર સુધી ૫૦એમ.એમ.ડાયાની ૬૬ મીટર લંબાઈની ગેલ્વે.પાણીની લાઈન નાખવાનો એસ્ટીમેઈટ રૂા.:૫૦,૮૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૪૪/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે મુલ્લાવાડીમા અંબામાતાના મંદીરથી મુકેશભાઈના ઘર સુધીના વિસ્તારોમા પીવાના પાણી ઓછા પ્રેસરથી મળવા અંગેની ફરીયાદો સદર વિસ્તારના રહીશો અને સભ્યશ્રીઓ તરફથી આવતી હોવાથી સદર સમસ્યાનુ નિવારણ કરવા ૫૦એમ.એમ.ડાયાની ૬૬ મીટર લંબાઈની ગેલ્વે.પાણીની લાઈન નાખવાની જરૂર હોય જે અંગે પાઈપ તથા જરૂરી ફીટીંગ્સ વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૩૬,૨૭૨–તથા સદર પાઈપ લાઈન નાંખવા અંગેનો મજુરી ખર્ચ રૂા.:૧૪,૫૦૦–એમ કુલ ખર્ચ રૂા.:૫૦,૮૦૦/–જેટલો થાય છે જે ખર્ચે મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૮ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

વ.કા.નં.:(૭)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૪૫/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ છીપવાડ જગન્નાથનામંદીરની સામે પ્રજાપતિ સમાજની વાડીની પાછળ આમલીયા વાડના રહીશોમાટે ૮૦એમ.એમ.ડાયાની ૧૬૮ મીટર લાંબી ગેલવે.પાણીની લાઈન  નાંખવાનો એસ્ટીમેઈટરૂા.:૨,૦૯,૮૬૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૪૫/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ છીપવાડ જગન્નાથનામંદીરની સામે પ્રજાપતિ સમાજની વાડીની પાછળ આમલીયા વાડના વિસ્તારમા ઘણા વર્ષો પહેલા પી.વી.સી.પાઈપ લાઈન નાંખવામા આવેલ જે હાલ જર્જરીત હાલતમા હોય અને ઘણી જગ્યાએથી વારંવાર લીકેજ થતી હોવાથી ત્યાના સ્થાનીક રહીશો તરફથી પાણી ખુબજ ઓછા પ્રેસરથી મળવા અંગેની ફરીયાદો આવતી હોય જે અંગે સદર વિસ્તારના સભ્યશ્રી કીરણભાઈ પી. ભંડારીએ સદર લાઈન બદલવાની રજુઆત કરેલ જે ફરીયાદનો નિકાલ કરવા તે જગ્યાએ ૮૦એમ.એમ.ડાયાની ૧૬૮ મીટર લાંબી ગેલવે.પાણીની લાઈન નાંખવાની જરૂર હોય જે અંગે પાઈપ તથા જરૂરી ફીટીગ્સ વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૧,૪૯,૯૦૦/–તથા સદર પાઈપ લાઈન નાંખવા અંગેનો મજુરી ખર્ચ રૂા.ફ૫૯,૯૬૦/–એમ કુલ ખર્ચ રૂા.:૨,૦૯,૮૬૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૭૯ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.............................................................................................

વ.કા.નં.:(૮)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૪૬/તા.:૨૫–૭–૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે મદનવાડ ભીંડી બજારવિસ્તાર મા ૮૦એમ.એમ.ડાયાની પાણીની લાઈન ૬૦મીટર લાંબી ગેલ્વે.પાણીની લાઈન નાંખવાનો એસ્ટીમેઈટ રૂા.: ૧,૦૮, ૦૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત..

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૪૬/તા.:૨૫–૭–૧૪ ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે મદનવાડ ભીંડી બજારવિસ્તાર મા ત્યાના રહીશોને પુરતા પ્રેસરથી પાણી મળતુ ન હોવાથી ફરીયાદ આવતી હોય તથા સદર વિસ્તારના સભ્યશ્રીઓની પણ વારંવાર રજુઆત આવતી હોય જેથી સદર ફરીયાદનો નિકાલ કરવા ૮૦એમ.એમ.ડાયાની પાણીની લાઈન ૬૦મીટર લાંબી ગેલ્વે.નાંખવાની જરૂર હોય જે અંગે પાઈપ લાઈન તથા જરૂરી ફીટીંગ્સ વર્ષ –૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૮૦,૦૦૦/–તથા સદર પાઈપ લાઈન નાંખવા અંગેનો મજુરી ખર્ચ રૂા.:૨૮,૦૦૦/–એમ કુલ ખર્ચ રૂા.: ૧,૦૮,૦૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૦ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..............................................................................................

વ.કા.નં.:(૯)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૪૭/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે રામવાડી ટાંકી પાસે પંડીતની કેબીનથી આશીષ એપાર્ટમેન્ટ સુધી ૧૦૦એમ.એમ.ડાયાની ૬૦મીટર લાંબી પાણીની પાઈપ લાઈન નાંખવાનો એસ્ટીમેઈટ રૂા.:૧,૨૨,૦૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૪૭/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર રામવાડી ટાંકી પાસે પંડીતની કેબીનથી આશીષ એપાર્ટમેન્ટ સુધી પાણીની લાઈન પરનુ ભારણ ઘટાડવા તથા બાજુના વિસ્તારનુ પ્રેસર સેટ કરવા ૧૦૦એમ.એમ.ડાયાની ૬૦મીટર પાણીની પાઈપ લાઈન ગેલ્વેનાઈઝ નાંખવાની જરૂર હોય જે અંગે પાઈપ તથા જરૂરી ફીટીંગ્સ વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૯૦,૦૦૦/–તથા સદર પાઈપ લાઈન નાંખવા અંગેનો મજુરી ખર્ચ રૂા.: ૩૨,૦૦૦/–એમ કુલ ખર્ચ રૂા.:૧,૨૨,૦૦૦/–પુરાનુ મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૧ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

વ.કા.નં.:(૧૦)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૪૮/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે છીપવાડ જકાતનાકાની સામે અંદરની બાજુએ આવેલ શુભમ સોસાયટીમા પી.વી.સી.લાઈનની જગ્યાએ ૧૦૦એમ.એમ.ડાયાની ૨૯૦મીટર લંબાઈની ગેલ્વે.પાણીની પાઈપ લાઈન નાંખવાનો એસ્ટીમેઈટ રૂા.:૪,૬૨,૦૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૪૮/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર છીપવાડ જકાતનાકાની સામે અંદરની બાજુએ આવેલ શુભમ સોસાયટીમા પી.વી.સી.લાઈન નાંખવામા આવેલ જે વારંવાર લીકેજ થતી હોય તેમજ જેને લઈને અમુલ્ય પાણીનો બીન જરૂરી બગાડ થતો હોય તે અટકાવવા સદર જગ્યાએ પી.વી.સી.લાઈનની જગ્યાએ ૧૦૦એમ.એમ.ડાયાની ૨૯૦મીટર લંબાઈની ગેલ્વે.પાણીની પાઈપ લાઈન નાંખવાની જરૂર હોય જે અંગે પાઈપ તથા જરૂરી ફીટીંગ્સ વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૩,૪૨,૦૦૦/–તથા સદર પાઈપ લાઈન નાંખવા અંગેનો મજુરી ખર્ચ રૂા.:૧,૨૦,૦૦૦/–એમ કુલ ખર્ચ રૂા.:૪,૬૨,૦૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર..

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૨ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................

વ.કા.નં.:(૧૧)

વિષય.:વો.વ.ક.ઠ.નં.૪૯/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે હાલર મણીસદન કાલન્દીની બાજુમાના વિસ્તારમા ૮૦એમ.એમ.ડાયાની ૧૦૮મીટર લાંબી પાણીની પાઈપ લાઈન નાંખવાનો એસ્ટીમેઈટ રૂા.:૧,૬૮,૦૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૪૯/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે હાલર મણીસદન કાલન્દીની બાજુમાના વિસ્તારમા પાણીના પ્રેસરની ખુબજ ફરીયાદો આવતી હોય, સદર સમસ્યાનુ નિવારણ કરવા ત્યાં ૮૦એમ.એમ.ડાયાની ૧૦૮મીટર લાંબી પાણીની પાઈપ લાઈન નાંખવાની જરૂર છે જે અંગે પાઈપ તથા જરૂરી ફીટીગ્સ વર્ષ ૨૦૧૩–૧૪ ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૧,૨૪,૦૦૦/–તથા સદર પાઈપ લાઈન નાખવા અંગેનો મજુરી ખર્ચ રૂા.:૪૪,૦૦૦/–એમ કુલ ખર્ચ રૂા.:૧,૬૮,૦૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૩ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................................

વ.કા.નં.:(૧૨)

વિષય.:વો.વ.ક.ઠ.નં.૫૦/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે અબ્રામા ઝોન મોગરાવાડી ઝોનમા નામદાર સરકારશ્રીના હુકમ મુજબ નવી બનેલ તથા જુની આંગણવાડીઓમા બાળકોને પીવા માટે પાણીની લાઈન આપવા માટે ૧૫એમ.એમ.ડાયાની ગેલ્વે.પાઈપ લાઈન અને ફીટીગ્સ ખરીદ કરવા અંગેનો એસ્ટીમેઈટ રૂા.:૮૧,૦૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૫૦/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર અબ્રામા ઝોન મોગરાવાડી ઝોનમા નામદાર સરકારશ્રીના હુકમ મુજબ નવી બનેલ તથા જુની આંગણવાડીઓમા બાળકોને પીવા માટે પાણીની વ્યવસ્થા જે તે નગરપાલિકાએ કરવાની થતી હોય જે અંગે ૧૫એમ.એમ.ના ગેલ્વે .પાઈપ લાઈન તથા જરૂરી ફીટીગ્સ વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૮૧,૦૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૪ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

...............................................................................................

વ.કા.નં.:(૧૩)

વિષય.:વો.વ.ક.ઠ.નં.૫૨/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે વોર્ડ નં.૨મા કોચર ફળીયા તથા હરીજનવાસમા પાણી માટેના નવા હેન્ડ પંપ કરવાના કામે જ.બો.ઠ.નં.૪૧/૩૦–૭–૨૦૧૩થી ફેરવિચારણા માટે ઠરાવેલ જે મુજબ ફેરવિચારણા કરી આવેલ કામ મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૫૨/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર વોર્ડ નં.૨મા કોચર ફળીયા તથા હરીજનવાસમા પાણી માટેના નવા હેન્ડ પંપ કરવાના કામે જ.બો.ઠ.નં.૪૧/૩૦–૭–૨૦૧૩થી ઠરાવ્યા મુજબ સદર વિસ્તારમા પાણી પુરવઠાની પાઈપ લાઈન કાર્યરત હોય તેમજ જાહેર સ્ટેન્ડ પોષ્ટ પણ હોય જેથી સદર વિસ્તારમા નવા હેન્ડપંપ મુકવા બાબતે ફેરવિચારણા માટે જે તે શાખાને પરત કરવામા આવેલ જે બાબતે આજરોજની કમીટીમા ફેર વિચારણા માટે રજુ થતા ઈજનેરશ્રીનો રીપોર્ટ વંચાણે લેતા તેમના રીપોર્ટમા જણાવ્યા મુજબ સદર વિસ્તારમા કોચરફળીયા તથા હરીજનવાસ અંદરના ભાગનો વિસ્તાર હોય તથા વલસાડ પારડીના મુખ્ય રસ્તાને ભાગે પણ પ્રેસરનો પ્રોબલેમ થતો હોય અંદરના ભાગે નહીવંત પ્રેસર મળતુ હોય જેથી બોરીંગ કરવુ આવશ્યક અને જરૂરી હોય જેથી સદર વિસ્તારના સભ્યશ્રીઓની રજુઆતને ધ્યાનમા લઈ જનરલ બોર્ડની મંજુરતની અપેક્ષાએ કામગીરી કરાવેલ હોય જે થયેલ કામગીરીને બહાલી આપવાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૫ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.............................................................................................

વ.કા.નં.:(૧૪)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૫૩/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ બારમા નાણા પંચની યોજના હેઠળ અબ્રામા સાઉથ વિસ્તારમા પીવાના પાણીની પાઈપ લાઈન માટેના કામે પમ્પીંગ મશીનરી સપ્લાય કરવા અંગેના કામની સમય મર્યાદા વધારવા બાબતનુ આવેલ કામ મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૫૩/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ બારમા નાણા પંચની યોજના હેઠળ અબ્રામા સાઉથ વિસ્તારમા પીવાના પાણીની પાઈપ લાઈન માટેના કામે પમ્પીંગ મશીનરી સપ્લાય કરવા અંગેના કામે ઉમીયા એન્જીનીયરીંગ વર્કસ,વડોદરાને આપવામા આવેલ વર્કઓર્ડર મુજબ સદર સપ્લાયર્સશ્રી ધ્વારા પમ્પીંગ મશીનરી અબ્રામા હેડવર્કસ ખાતે સાઈટ પર સપ્લાય કરવામા આવેલ છે.પરંતુ સદર સ્થળે પંપ હાઉસ બનાવવાની કામગીરી ચાલુ હોય ,સદર મશીનરી ફીટીંગ કરી શકાય એમ નથી તો સાઈટ કલીયર નહી હોવાના કારણે સદર સપ્લાયરશ્રી ધ્વારા નકકી કરેલ સમય મર્યાદામા કામગીરી પુર્ણ કરી શકાય એમ નહી હોવાથી વધારે ૩(ત્રણ)માસની સમય મર્યાદા વધારવાનું મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૬ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

........................................................................................................

વ.કા.નં.:(૧૫)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૫૪/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે તીથલરોડ પાદરદેવી મંદીરથી નંદી એપાર્ટમેન્ટ સુધીના વિસ્તાર માટે પીવાના પાણીની ૮૦એમ.એમ.ડાયાની ગેલ્વે.પાઈપ લાઈન નાંખવાનુ કામનુ એસ્ટીમેઈટ રૂા.:૧,૩૦,૦૦૦/–પુરાનુ આવેલ જે મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૫૪/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે તીથલરોડ પાદરદેવી મંદીરથી નંદી એપાર્ટમેન્ટ સુધીના વિસ્તારમા પીવાના પાણીની લાઈન ન હોય જે અંગે સ્થળ તપાસ કરતા નવી લાઈન નાંખવાની જરૂરીયાત જણાયેલ છે જેથી સદર વિસ્તારમા ૮૦એમ.એમ.ડાયાની ગેલ્વે.પાઈપ લાઈન ૧૦૮મીટર લાંબી પાઈપ લાઈન નાખવામા આવે તો સદર સમસ્યાનુ નિવારણ થઈ શકે એમ છે.જે અંગે પાઈપ તથા જરૂરી ફીટીંગ્સ વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયેલા ભાવે ખરીદ કરવા અંગેનો ખર્ચ રૂા.:૯૬,૦૦૦/–તથા સદર પાઈપ લાઈન નાંખવા અંગેનો મજુરી ખર્ચ રૂા.:૩૪,૦૦૦/–એમ કુલ ખર્ચ રૂા.:૧,૩૦,૦૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૭ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..........................................................................................................

વ.કા.નં.:(૧૬)

વિષય.:વો.વ.ક.ઠ.નં.૫૮/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ શહેર ખાતે આઈસોલોટેડ વિસ્તારનો વલસાડ નગરપાલિકામા સમાવેશ થતા સદર તમામ વિસ્તારમા પિવાના પાણીની સગવડ આપવા ત્યાં પાણીની લાઈન નાંખવા આવેલ એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૫૮/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ મે.કલેકટરશ્રી,વલસાડના આવેલ પત્ર નં.:એસીબી / એમયુએન / વશી– ૨૫૩૪ / ૧૩ / તા.:૧૮–૧૨–૨૦૧૩થી જણાવ્યા મુજબ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,ગાંધીનગરના તા.: ૦૧–૧૧–૨૦૧૩ના ગેઝેટમા પ્રસિઘ્ધ થયેલ જાહેરનામાથી આઈસોલોટેડ વિસ્તારનો વલસાડ નગરપાલિકામા સમાવેશ થવા બાબતમા સદર પત્રની અમલવારી કરેલ જે અન્વયે સદર તમામ વિસ્તારમા અન્ય સગવડની જેમ પીવાના પાણીની સગવડ પણ આપવાની થતી હોય,પીવાના પાણીની સગવડ આપવા ત્યાં પાણીની લાઈન નાંખવા .સદર તમામ વિસ્તારમા સ્થળ તપાસ કરતા આ સાથે આવેલ એસ્ટીમેઈટ મુજબનો માલસામાન ખરીદ કરવાની જરૂરત હોય,સદર માલસામાન એસ.ઓ.આર.વર્ષ ૨૦૧૩–૧૪ના વર્ષના મંજુર થયેલ ભાવ મુજબ માલસામાનનો અંદાજીત ખર્ચ રૂા.:૮,૪૬,૦૦૦/–તથા સદર પાઈપ લાઈન નાંખવાનો અંદાજીત મજુરી ખર્ચ રૂા.:૧,૯૨,૧૨૭/–કુલ ખર્ચ અંદાજીત રૂા.:૧૦,૩૮,૧૨૭/–થાય છે જે ખર્ચ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૮ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

..............................................................................................................

વ.કા.નં.:(૧૭)

વિષય.: વો.વ.ક.ઠ.નં.૫૯/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ,અબ્રામા ખાતે આવેલ તાપાવાડ વિગેરે વિસ્તારમા પ્રેસર કન્ટ્રોલ કરવા માટે લાઈન પર વાલ્વ મુકવા માલ સામાન ખરીદ કરવા અંગેનો આવેલ એસ્ટીમેઈટ મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વો.વ.ક.ઠ.નં.૫૯/તા.:૨૫–૭–૧૪ની ભલામણ મુજબ વારીગૃહ હેડવર્કસ ,અબ્રામા તાપાવાડ વિસ્તારને આપવામા આવતા પાણીના સપ્લાયમા પાણીનુ પ્રેસર કન્ટ્રોલ કરવા લાઈન પર વાલ્વ મુકવાની જરૂર હોય ,સદર માલસામાન વર્ષ ૨૦૧૩–૧૪ના વાર્ષીક મંજુર થયા મુજબના ભાવ સાથે આપેલ એસ્ટીમેઈટ રૂા.:૨૬,૬૦૦/–પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૮૯ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.............................................................................................

વ.કા.નં.(૧૮)

વિષય.: વોર્ડ નં.૫ના શાપુરનગર વિસ્તારમા આવેલ શ્રી દિનેશભાઈ આર.ટી.ઓ.ના ઘર પાસે હયાત ગટરનો સ્લેબ ખુબજ જર્જરીત હાલતમા હોય તથા સદર વિસ્તારમા આર.સી.સી.સ્લેબ બનાવવાની જરૂરીયાત હોય જે અંગેનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.:૧૩,૪૬૪–૪૯પૈ.પુરાનુ મંજુર કરવા બાબત...

–પ્રમુખ સ્થાનેથી રજુ.

ઠરાવ.:

વોર્ડ નં.૫ના શ્રી દિનેશભાઈ આર.ટી.ઓ.ના ઘર પાસે શાપુરનગર વિસ્તારમા હયાત ગટરનો સ્લેબ ખુબજ જર્જરીત હાલતમા હોય તથા સદર વિસ્તારના રહીશો માટે અવર જવરમા મુશ્કેલી પડે છે.તથા ગટરનો સ્લેબ તુટી પડે એવી હાલતમા હોય જેથી આ ગટર ઉપર આર.સી.સી.સ્લેબ બનાવવાની જરૂરીયાત હોય જે અંગેના કામનુ આવેલ એસ્ટીમેઈટ રૂા.:૧૩,૪૬૪–૪૯પૈ.પુરાનુ મંજુર કરવાનુ ઠરાવવામા આવે છે.

–મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૯૦ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................................

વ.કા.નં.(૧૯)

વિષયઃ– આઈ.એચ.એસ.ડી.પી. યોજના હેઠળ શહેરી ગરીબો માટે આવાસ બનાવવાના કામ બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવઃ–**

નામદાર સરકારશ્રીના ગુજરાત શહેરી વિકાસ મીશન ગાંધીનગરના પત્ર ક્રમાંક : જીયુડીએમ/પીએમયુ/ આઈ.એચ.એસ.ડી.પી./૨૬૫૬/તા.૦૫/૧૦/૨૦૧૩થી નગરપાલિકા વલસાડના શહેરી ગરીબો માટે આવાસ બનાવવા માટે જરૂરી મંજુરી આપવામા આવેલ છે. સદરહું નામદાર સરકારશ્રીની યોજના હેઠળ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મોગરાવાડીમાં દશ છાપરીમાં ૬૦ યુનીટ તેમજ જલારામ નગરીમાં ૧૭ યુનીટનું બાંધકામ પૂર્ણ કરી સદર યોજનામાલાભાર્થીઓને લોકાર્પણ કરી લોકોને ઉપયોગ માટે અર્પણ કરવામા આવેલ છે.

વિશેષમાં અબ્રામા વિસ્તારમાં આવેલ સી.સ.નં. ૧૪૨/પૈ.૨ વાળી જમીન કે જે સરકારશ્રીની માલીકીની હોય સદર જમીન મે.કલેકટરશ્રી વલસાડના પત્ર ક્રમાંક નંઃ સીબી/એમ.એમ.ડી./ આઈ.એચ.એસ.ડી.પી./ અબ્રામા/ વશી/૫૭/ ૨૦૧૪ તા.૦૯/૦૭/૨૦૧૪ થી શહેરી ગરીબો માટે આવાસ બનાવવાના કામે ફાળવવામા આવેલ છે. જમીનમાં આશરે ૨.૫૦ થી ૩.૦૦ મીટર ખાડાવાળી જમીન હોય તેમજ સદરહું જમીનમાંથી વરસાદી પાણીની ૧૪૦૦

એમ.એમ. ડાયાની પાઈપ લાઈન પસાર થાય છે. અને સદરહું ફાળવેલ જમીનમાં બાકી રહેલી વરસાદી પાણીની પાઈપ લાઈન નાંખવાની જરૂરીયાત છે. મે.કલેકટરશ્રી વલસાડ ધ્વારા ફાળવવામા આવેલ જમીનમાં શહેરી ગરીબો માટે આવાસ બનાવવાનું કામ મંજુર કરી કામગીરી કરવાનું મંજુર કરવામા આવે છે.

વિશેષમાં સદરહું ઉપરોકત બન્ને કામોનો જેમા લેન્ડ ફીલીંગ તેમજ વરસાદી પાણીની પાઈપ લાઈન નાખંવાનો સને ૨૦૧૩–૨૦૧૪ નાં વર્ષના શીડયુલ ઓફ રેટના ભાવો અન્વયેનો અંદાજીત ખર્ચની રકમ (૧) લેન્ડ ફીલીગનું થનાર અંદાજીત ખર્ચ રૂા.૬૫,૯૪,૮૦૦/– તેમજ (૨) વરસાદી પાણીની પાઈપ લાઈન નાંખવાનો અંદાજીત ખર્ચની રકમ રૂા.૨૧,૮૦,૫૦૦/– પુરાનો થનાર ખર્ચ મંજુર કરી અને સદરહું કામગીરી કરવી અત્યંત અને જરૂરી હોય અને

સદર કામનો થનાર અંદાજીત કુલ ખર્ચ નામદાર સરકારશ્રીની આઈ.એચ.એસ.ડી.પી. ની યોજનાનાં આવેલ નાણાનાં વ્યાજમાંથી સદરહું કામગીરી કરવાનું ઠરાવવામા આવે છે.

વિશેષમાં સદર યોજનામા મોગરાવાડી ખાતે શહેરી ગરીબોના આવાસ બનાવવાના કામનું ટેન્ડર મંજુર કરવામા આવેલ છે. તે એજન્સી મે.પટેલ કિસ્મતરાય ચુનીલાલ, ભાવનગરે કામગીરી કરેલ છે. સદરહું એજન્સીએ સમયસર અને કામગીરી ખુબ જ સંતોષકારક રીતે કરેલ હોય અબ્રામા વિસ્તારમાં જે આવાસ બાંધકામ કરાવવાના હોય સદરહું કામગીરી મે.પટેલ કિસ્મતરાય ચુનીલાલ, ભાવનગર પાસેથી સદરહું કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

મંજુર...

જનરલ બોર્ડ ઠરાવ નંબર.: ૪૯૧ /તા.:૩૦–૦૭–૨૦૧૪.

.........................................................................................

વ.કા.નં.(૨૦)

વિષયઃ– વોર્ડ નં.૪ માં જુદા જુદા સ્થળો પર પેવર બ્લોક નાંખવાના કામ બાબત.

–પ્રમુખ સ્થાનેથી રજુ.

**ઠરાવઃ–**

વોર્ડ નં.૪ માં નીચે જણાવેલ સ્થળો પર પેવર બ્લોક બેસાડવાની જરૂરીયાત હોવાથી સને ૨૦૧૩–૨૦૧૪ નાં વર્ષમાં ૮૦ એમ.એમ. ડાયાના પેવર બ્લોક તેમજ તે સિવાયની અન્ય આઈટમ એસ્ટીમેઈટમાં જણાવ્યા મુજબની સને ૨૦૧૩–૨૦૧૪ નાં વર્ષનાં **S.O.R.** નાં મંજુર થયેલા ભાવથી આવેલ એસ્ટીમેઈટ મંજુર કરી સદર કામગીરી કરાવવાનું મંજુર કરવાનું ઠરાવવામા આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | આમરીન સોસાયટી શહીદ ચોક પાસે પેવર બ્લોક | રૂા. | ૪,૩૩,૩૧૯/– |
| (૨) | સોનબાઈ મહેરબાઈ મંદિર આગળ પેવર બ્લોક | રૂા. | ૩,૪૧,૭૨૪/– |
| (૩) | ભાડભુંજાથી જોગણી માતાના મંદિર પાસેથી જયંતીભાઈના ઘર સુધી.. | રૂા. | ૨,૫૮,૪૩૪/– |

મંજુર..

P A Y S L E E P

..........................

DATE.: 30/07/2014

Mr. PRAKASH.  R.  BARAIYA

DATE.: 01/07/2014 TO 31/07/2014
FULL PAYMENT

RS.:  4,000/-

---------------------
RS.:  4,000/-

( FOUR THOUSAND ONLY )

FOR .:
Dr. PUYUSH  PATEL

**ધોરણ –૧૨ની પરીક્ષા માટેના**
**જુથવાર વિષય માળખા મુજબ વિષયોની પસંદગી**

| ક્રમ | જુથનંબર | વિષયનું નામ. | વિષય કોડ નંબર | જવાબની ભાષા |
|---|---|---|---|---|
| **1** | **1** | **ENGLISH** | **013** | **6** |
| **2** | **2** | **GUJARATI** | **001** | **1** |

| | | | | |
|---|---|---|---|---|
| **3** | **3** | **HINDI** | **009** | **2** |
| **4** | **3** | **SANSKRIT** | **129** | **1** |
| **5** | **4** | **ECONOMICS** | **022** | **1** |
| **6** | **4** | **SOCIOLOGY** | **139** | **1** |
| **7** | **4** | **GEOGRAPHY** | **148** | **1** |